

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 111
Dt.: 31-12-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### હિન્દુઓ સામે હિંસાના મામલાઓ યથાવત

## બાંગ્લાદેશમાં બંદૂકની ગોળી મારી વધુ એક હિન્દુ યુવકની કરાઈ હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)બાંગ્લાદેશ

બાંગ્લાદેશમાં લઘુસંખ્યા હિન્દુઓ સામે હિંસાના મામલાઓ યથાવત છે. મયમંસિંહ જિલ્લામાં તાજેતરમાં વધુ એક હિન્દુ યુવકની હત્યાની ઘટના બનવા પામી છે, જેમાં ગ્રામિણ અર્ધસૈન્ય દળના સભ્ય બ્રિજેન્દ્ર બિસ્વાસને તેમના જ સહકર્મી નોમાન મિયા દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી. આરોપી ને ઝડપી લેવાયું છે.

આ પહેલા પણ જિલ્લામાં દીપૂ ચંદ્ર દાસને પિટાઈને અને પછી વૃક્ષ સાથે બાંધીને જલાવી દેવામાં આવી હતી. બાંગ્લાદેશી મીડિયા રિપોર્ટ અનુસાર, ૪૦ વર્ષના બ્રિજેન્દ્ર

**આ ફેક્ટરી ભાલુકા ઉપજિલ્લાના મેહરાબારી વિસ્તારમાં આવેલી છે ફેક્ટરીની સુરક્ષા માટે અહીં ૨૦ અન્સાર સભ્યો નિમણૂકાયેલા હતા**

બિસ્વાસ સાથે આ હિંસાકાંડ સુલ્તાના સ્વેટર્સ લિમિટેડ ફેક્ટરીની અંદર સોમવારે સાંજે આશરે ૬:૩૦ વાગ્યે થયો. આ ફેક્ટરી ભાલુકા ઉપજિલ્લાના મેહરાબારી વિસ્તારમાં આવેલી છે. ફેક્ટરીની સુરક્ષા માટે અહીં ૨૦ અન્સાર સભ્યો નિમણૂકાયેલા હતા. દર્દીઓના જણાવ્યા અનુસાર, નિષ્ઠાવાન લાગે તેવી બ્રિજેન્દ્ર અને નોમાન એક સાથે બેઠા હતા. અચાનક, નોમાએ તેની ગન હાથમાં લીધી અને બ્રિજેન્દ્રના ડાબા પગ પર ફાયરિંગ કરી દીધું, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.અને વધુ રક્તસ્રાવ થયો. તેમને તરત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. બ્રિજેન્દ્ર બિસ્વાસ પવિત્ર બિસ્વાસના પુત્ર અને સિલહટ સદર ઉપજિલ્લાના કાદિરપુર ગામના નિવાસી હતા. આરોપી નોમાન મિયા સુનામગંજ જિલ્લાના તાહિરપુર થાણા વિસ્તારમાંનો રહેવાસી છે. લબીબ ગ્રુપના પ્રભારી અને અન્સાર સભ્ય APC મોહમ્મદ અજહર અલીએ જણાવ્યું કે ઘટના સમયે રૂમમાં કોઈ વિવાદ ચાલતો નહોતો. તેમને જણાવ્યા મુજબ, બ્રિજેન્દ્ર અને નોમાન બંને રૂમમાં સાથે બેઠા હતા. અચાનક, નોમાએ શોટગન ઉચકાવીને ચીસ મારી અને કહ્યું કે ગોળી મારી દઈશ, પછી તરત ટ્રિગર દબાવીને ઘટના સ્થળેથી ભાગી ગયો. બ્રિજેન્દ્રના સાથીઓ દાવો કરે છે કે પહેલા કોઈ ઝગડો કે ચર્ચા નહોતી થઈ.

### ફેરફાર ટ્રાવેલર વેરિફિકેશન સર્વિસ નામની સિસ્ટમ હેઠળ કરવામાં આવ્યો છે

## અમેરિકાએ હવે વિદેશી મુસાફરો માટે પ્રવેશ અને બહાર નીકળવાના નિયમો વધુ કડક બનાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશીઓ માટેના પ્રવેશ અને બહાર નીકળવાના નિયમોમાં મોટા ફેરફાર કર્યા છે. આ નવા નિયમો હેઠળ હવે માત્ર સામાન્ય મુસાફરો જ નહીં, પરંતુ બાળકો અને વરિષ્ઠ નાગરિકોને પણ કડક ચકાસણીમાંથી પસાર થવું પડશે. આ નિયમો ૨૬ ડિસેમ્બરથી અમલમાં આવી ગયા છે અને તે અમેરિકાના તમામ એરપોર્ટ, જમીની સરહદો અને દરિયાઈ બંદરો પર લાગુ છે. આ ફેરફાર ટ્રાવેલર વેરિફિકેશન સર્વિસ નામની સિસ્ટમ હેઠળ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ દ્વારા વિદેશી મુસાફરોની ઓળખ બાયોમેટ્રિક ડેટા દ્વારા ચકાસવામાં આવે છે. હવે પહેલીવાર ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ૭૯ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ

**હવે પહેલીવાર ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ૭૯ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને પણ બાયોમેટ્રિક સ્ક્રીનિંગ કરાવવું ફરજિયાત બન્યું છે**

નાગરિકોને પણ બાયોમેટ્રિક સ્ક્રીનિંગ કરાવવું ફરજિયાત બન્યું છે. ટ્રાવેલર વેરિફિકેશન સર્વિસ (TVS) એ એક આધુનિક ઓળખ ચકાસણી પ્રણાલી છે. તેમાં મુસાફરના ફોટોગ્રાફ લેવામાં આવે છે અને ચહેરાની ઓળખ ટેકનોલોજી દ્વારા તેની ઓળખ ચકાસવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં ફિંગરપ્રિન્ટ્સ પણ લેવામાં આવે છે. આ પ્રક્રિયા અમેરિકા પ્રવેશ અને બહાર નીકળતી વખતે કરવામાં આવશે.

કોને આ નિયમોથી અસર થશે?

આ નવા નિયમો હેઠળ નીચેના લોકો ખાસ અસરગ્રસ્ત બનશે

૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો

૭૯ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો

રાજદ્વારી પાસપોર્ટ પર મુસાફરી કરતા રાજદ્વારીઓ

અગાઉ આ વર્ગના ઘણા મુસાફરોને બાયોમેટ્રિક ચકાસણીમાંથી છૂટ આપવામાં આવતી હતી, પરંતુ હવે એ છૂટ દૂર કરવામાં આવી છે.

નિયમો ક્યારે અને ક્યાં લાગુ થયા?

આ નિયમો ૨૬ ડિસેમ્બરથી અમલમાં આવ્યા છે. અમેરિકાના તમામ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, બોર્ડર ચેક પોઈન્ટ અને દરિયાઈ બંદરો પર TVS સિસ્ટમ લાગુ કરવામાં આવી છે.

ભારતમાંથી અમેરિકા જનાર મુસાફરોની સંખ્યા મોટી છે. અંદાજ મુજબ, ૨૦૨૫માં દરરોજ આશરે ૪,૦૦૦ ભારતીયો અમેરિકા જશે. વર્ષ ૨૦૨૫ દરમિયાન આશરે ૧.૫ મિલિયન ભારતીયોએ અમેરિકા મુલાકાત લીધી હતી, જ્યારે ૨૦૨૪માં આ આંકડો લગભગ ૨.૨ મિલિયન હતો. અમેરિકા મુલાકાત લેતા દેશોમાં ભારતીયો ત્રીજા ક્રમે આવે છે. તેથી આ નવા નિયમો લાખો ભારતીય પ્રવાસીઓને અસર કરશે. અમેરિકા જતી વખતે હવે મુસાફરોએ વધુ સમય અને દસ્તાવેજોની તૈયારી રાખવી પડશે. બાળકો અને વૃદ્ધો સાથે મુસાફરી કરતા લોકોને બાયોમેટ્રિક પ્રક્રિયા માટે માનસિક રીતે તૈયાર રહેવું જરૂરી છે. એરપોર્ટ પર વિલંબ થવાની શક્યતા પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

## અમેરિકા ઈઝરાયલને ૨૫ F-૧૫ ફાઈટર જેટ આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા ઈઝરાયલને ૨૫ નવા F-15IA ફાઈટર જેટ આપશે. આ વિમાનો બનાવવા માટે અમેરિકાની એરક્રાફ્ટ કંપની બોઈંગને લગભગ ૮.૬ બિલિયન ડોલરનો કોન્ટ્રાક્ટ મળ્યો છે.

પેન્ટાગોને સોમવારે આ બાબતની સત્તાવાર જાહેરાત કરી હતી. આ નિર્ણય અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે થયેલી બેઠક બાદ લેવામાં આવ્યો છે. બેઠક દરમિયાન બંને દેશો વચ્ચે અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં લશ્કરી સહયોગ પણ મહત્વનો મુદ્દો રહ્યો.પેન્ટાગોનના જણાવ્યા અનુસાર, આ કોન્ટ્રાક્ટ હેઠળ બોઈંગ ઈઝરાયલી વાયુસેના માટે ૨૫ નવા F-15IA ફાઈટર જેટનું ડિઝાઈન, નિર્માણ અને ડિલિવરી કરશે. આ સાથે જ કરારમાં ભવિષ્યમાં વધુ ૨૫ વિમાનો ખરીદવાનો વિકલ્પ પણ રાખવામાં આવ્યો છે. અમેરિકા લાંબા સમયથી ઈઝરાયલનો સૌથી મોટો શસ્ત્ર સપ્લાયર રહ્યો છે. જોકે, ગાઝા પર ઈઝરાયલના હુમલાઓ બાદ અમેરિકા અંદર પેલેસ્ટિનિયન સમર્થક અને યુદ્ધ વિરોધી જૂથોએ ઈઝરાયલને આપવામાં આવતી લશ્કરી સહાય બંધ કરવાની માંગ ઉઠાવી છે.

## નોબેલ શાંતિ પુરસ્કાર મેળવવાથી વંચિત રહી ગયેલા ટ્રમ્પને ઈઝરાયલે આપ્યો ખાસ શાંતિ પુરસ્કાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારથી બીજીવાર સત્તા પર આવ્યા છે ત્યારથી તેઓ અવનવા સમાચાર સર્જતા રહે છે. ક્યારેક તેઓ ટેરિફનો કોરડો ઝીંકીને આખી દુનિયામાં અપ્રિય બની જાય છે તો ક્યારેક યુદ્ધો રોકવાના દાવા કરીને વિશ્વભરમાં હીરો બનવાના પ્રયાસ કરે છે. આ વર્ષે સામે ચાલીને નોબેલ શાંતિ પુરસ્કાર માંગીને તેઓ હાંસીપાત્ર બન્યા હતા. એ પુરસ્કાર ન મળ્યાનો અસંતોષ પણ તેમણે જતાવ્યો હતો. હવે એ અસંતોષ ઓછો થાય એવું પગલું ટ્રમ્પના મિત્ર અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ભર્યું છે. તેમણે ટ્રમ્પને ઈઝરાયલના સર્વોચ્ચ સન્માન 'ઈઝરાયલ પુરસ્કાર' આપવાનો નિર્ણય લીધો છે. આ પુરસ્કાર પહેલીવાર શાંતિની શ્રેણીમાં આપવામાં આવશે. આ પુરસ્કાર ઈઝરાયલનું સર્વોચ્ચ સાંસ્કૃતિક સન્માન ગણાય છે. ૮૦ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે કોઈ બિન-ઈઝરાયલી વ્યક્તિને આ પુરસ્કાર આપવામાં આવશે. મિત્ર ટ્રમ્પને ખુશ કરવા માટે નેતન્યાહૂએ આ નિયમ તોડ્યો છે. નેતન્યાહૂએ સોમવાર, ૨૯ ડિસેમ્બરે જાહેરાત કરી હતી કે, 'ટ્રમ્પે ઘણા નિયમો તોડ્યા છે, તેથી અમે પણ એક નિયમ તોડીને તેમને આ પુરસ્કાર આપવાનો નિર્ણય લીધો છે. આ પુરસ્કાર આતંકવાદ સામેની લડાઈમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલને આપેલા યોગદાનનું સન્માન કરે છે.''શાંતિ માટે ઈઝરાયલ પુરસ્કાર' મળવાની જાહેરાત સાંભળીને ટ્રમ્પે આનંદ વ્યકત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'આ ખરેખર આશ્ચર્યજનક અને ખૂબ પ્રશંસાપાત્ર પગલું છે.' ડોનાલ્ડ ટ્રમ્પ ઘણા સમયથી નોબેલ શાંતિ પુરસ્કારની આકાંક્ષા રાખતા હતા. વિશ્વના ઘણા યુદ્ધો રોકવામાં તેઓ નિમિત્ત બન્યા હોવાનું ગાણું ગાઈને તેઓ સામે ચાલીને શાંતિ પુરસ્કાર માંગતા હતા, જે બદલ તેઓ હાંસીપાત્ર પણ બન્યા હતા. ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવને ઘટાડવા માટે તેમણે કરેલા પ્રયત્નોનો તો તેમણે વારંવાર ઉલ્લેખ કર્યો હતો. છતાં, નોબેલ કમિટીએ તેમને આ પુરસ્કાર આપ્યો નહીં, જે બાબતે ટ્રમ્પે અસંતોષ વ્યક્ત કર્યો હતો. અગાઉ ફૂટબોલની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ફિફાપણ ટ્રમ્પને એક વિશેષ શાંતિ પુરસ્કાર આપી ચૂકી છે. ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપના ડ્રો સમારોહમાં ફિફા પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનોએ ટ્રમ્પને 'પ્રથમ ફિફા શાંતિ પુરસ્કાર'થી સન્માનિત કર્યા હતા. આ પુરસ્કાર ફિફા કાઉન્સિલની મંજૂરી લીધા વિના જ ઈન્ફન્ટિનો દ્વારા ખાસ બનાવવામાં આવ્યો હતો. ટ્રમ્પની વૈશ્વિક શાંતિમાં ભાગીદારીને માન્યતા આપવા માટે અપાયેલો આ પુરસ્કાર ચર્ચાસ્પદ બન્યો હતો. બરાબર એ જ રીતે નેતન્યાહૂ દ્વારા ટ્રમ્પ માટે જાહેર કરાયેલો 'કસ્ટમ-મેઈડ શાંતિ પુરસ્કાર' પણ ચર્ચાનો વિષય બની ગયો છે.

## ચીન-પાકિસ્તાનની ઉંઘ ઉડી: DRDO એ પિનાકા લોન્ગ રેન્જ ગાઈડેડ રોકેટનું કર્યું સફળ ટેસ્ટિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પિનાકા રોકેટ સિસ્ટમનું નામ ભગવાન શિવના ધનુષ પર રાખવામાં આવ્યું છે. શરૂઆતમાં આ એક અનગાઈડેડ રોકેટ લોન્ચર હતું, જેની મારક ક્ષમતા લગભગ ૪૦ કિલોમીટરની હતી.

હવે તેના ગાઈડેડ સ્વરૂપને વિકસિત કરવામાં આવી રહ્યું છે, જેની રેન્જ ૧૨૦ કિલોમીટર સુધીની છે. પિનાકા LRGR ૧૨૦ને DRDOની ઘણી લેબમાં મળીને વિકસિત કરવામાં આવ્યું છે. જેમાં પુણેની આર્મામેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિસમેન્ટ, હૈદરાબાદની ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબ અને રિસર્ચ સેન્ટર બિલ્ડીંગ સામેલ છે.

પિનાકા LRGR ૧૨૦ની ખાસિયત એ છે કે તેની મારક ક્ષમતા ૧૨૦ કિલોમીટર સુધીની છે, જે જુના રોકેટ કરતા વધારે છે. આ પુરી રીતે ગાઈડેડ રોકેટ છે, જેમાં નેવિગેસન, ગાઈડન્સ અને કંટ્રોલ સિસ્ટમ લાગી છે. તેની સટીકતા એટલી વધારે છે કે તે ૧૦ મીટરના દાયરામાં લક્ષ્યને ભેદી શકે છે. ૨૦૨૧ બાદ ચીન તરફથી ૩૦૦ કિલોમીટરની રેન્જ વાળી રોકેટ સિસ્ટમ તૈનાત કર્યા બાદ ભારતીય સેનાએ DRDOને ૧૨૦ અને ૩૦૦ કિલોમીટર રેન્જ વાળા પિનાકા રોકેટ વિકસિત કરવાનો અનુરોધ કર્યો હતો. પિનાકાની લાંબી રેન્જ અને સટીક મારક ક્ષમતા ભારતને ચીન અને પાકિસ્તાન સરહદ પર વ્યૂહાત્મક લાભ આપે છે. તેની વચ્ચે ફ્રાન્સે પણ પિનાકા સ-ઉમાં રસ દાખવ્યો છે. જેનાથી ભારત-ફ્રાન્સ સંરક્ષણ સહયોગને વધુ મજબૂતી મળવાની આશા છે.

### બેસ્ટ બસના ડ્રાઈવરે પલટી મારતા અનેક લોકોને ટક્કર મારી

## મુંબઈમાં BEST બસે ટક્કર મારતા ૪ લોકોનાં કરૂણ મોત

**અકસ્માત બાદ ભાંડુપ વેસ્ટ સ્ટેશન રોડ વિસ્તારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ અને પોલીસને પરિસ્થિતિને કાબુમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા, જ્યારે ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા. આ અકસ્માત ભાંડુપ વેસ્ટ સ્ટેશન રોડ વિસ્તારમાં થયો. માહિતી મળતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી. ટીમે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા. અકસ્માત બાદ ભાંડુપ વેસ્ટ સ્ટેશન રોડ વિસ્તારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ અને પોલીસને પરિસ્થિતિને કાબુમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી.



બસ પલટી મારતી વખતે મુસાફરો સાથે અથડાઈ ગઈ, જેના કારણે ભાંડુપ વેસ્ટ સ્ટેશન રોડ વિસ્તારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ. રાત્રે ૧૦:૦૫ વાગ્યે પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી. માહિતી મળતાં જ મુંબઈ ફાયર બ્રિગેડ, પોલીસ, બેસ્ટના કર્મચારીઓ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો હાલમાં ઘટનાસ્થળે છે. અકસ્માતની તપાસ ચાલી રહી છે.

સોમવારે, ભાંડુપ વેસ્ટ સ્ટેશન રોડ પર પણ એક BEST બસે લોકોને ટક્કર મારી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ડ્રાઈવર બસને રિવર્સ કરી રહ્યો હતો ત્યારે તેણે લોકોને કચડી નાખ્યા. અકસ્માત સમયે ઘણા લોકો કામ પરથી ઘરે પરત ફરી રહ્યા હતા, જેના કારણે સ્ટેશન પરિસર ખૂબ જ ભીડવાળું હતું. બસે તેમને કચડી નાખતા ચાર લોકોના મોત થયા હતા અને ૧૦ લોકો ઘાયલ થયા હતા. બરાબર એક વર્ષ પહેલા, ડિસેમ્બર ૨૦૨૪ માં, મુંબઈના કુર્લામાં પણ એક BEST બસે વિનાશ વેર્યો હતો. બસે આશરે ૩૦ લોકોને કચડી નાખ્યા હતા, જેમાં ચાર લોકો માર્યા ગયા હતા અને ૨૬ ઘાયલ થયા હતા. કુર્લા વેસ્ટ રેલ્વે સ્ટેશન રોડ પર આંબેડકર નગરમાં આ અકસ્માત થયો હતો. BEST બસ કુર્લા સ્ટેશનથી અંધેરી જઈ રહી હતી ત્યારે બ્રેક ફેલ થઈ ગઈ અને ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો. ડ્રાઈવર ગભરાઈ ગયો અને બ્રેક લગાવવાને બદલે તેણે એક્સિલરેટર દબાવ્યું, જેના કારણે બસ વેગ પકડી લીધો. ડ્રાઈવરે બસ પરનો કાબુ ગુમાવ્યો અને ૩૦ લોકો ઉપર કચડી નાખ્યા. આ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હતા.

## બંગાળમાં ચૂંટણી પહેલા કોંગ્રેસના દિગ્ગજ નેતાની PM મોદી સાથે મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા)પશ્ચિમ બંગાળ

પશ્ચિમ બંગાળથી આવનારા કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ મંગળવારે (૩૦ ડિસેમ્બર) વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. બંગાળમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણીને લઈને આ મુલાકાત ખૂબ મહત્ત્વની માનવામાં આવી રહી છે.

વડાપ્રધાન મોદીની મુલાકાત દરમિયાન અધીર રંજન ચૌધરીએ ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં બાંગ્લા ભાષી લોકો પર હુમલાનો મુદ્દો ઉઠાવ્યો હતો. પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ચૌધરીએ આવા હુમલાઓને રોકવામાં મદદ માટે વડાપ્રધાન મોદીને હસ્તક્ષેપ કરવાનો આગ્રહ કર્યો છે.

તેમણે કહ્યું કે, આનાથી રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ અને હિંસાની આશંકા છે. અધીર રંજન ચૌધરીએ વડાપ્રધાન મોદીને લખેલા પત્રમાં કહ્યું કે, 'તેમનો એકમાત્ર ગુનો એ છે કે, તેઓ બાંગ્લા ભાષામાં વાત કરે છે, જેના કારણે સંબંધિત તંત્ર અવારનવાર તેમને પાડોશી બાંગ્લાદેશના લોકો સમજે છે અને ઘુસણખોર સમજી તેમના સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. પશ્ચિમ બંગાળના અનેક ભાગમાં મુસ્લિમ વસ્તી બહુસંખ્યક છે.




## તંત્રી લેખ......

# આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને આકાર આપતી પાવરહાઉસ બનવાની શરૂઆત

આજે, ભારત હવે એવો દેશ નથી જે ફક્ત વૈશ્વિક ઘટનાઓ પર પ્રતિક્રિયા આપે છે. તે હવે એક પ્રભાવશાળી શક્તિ કેન્દ્ર છે જેની નીતિઓ ફક્ત પ્રાદેશિક રીતે જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પણ અનુભવાય છે. ૨૦૨૬ માં પ્રવેશતા, ભારતની વિદેશ નીતિ માટે સૌથી તાત્કાલિક અને રાજકીય રીતે સંવેદનશીલ પડકાર એ યુનાઈટેડ સ્ટેટ્સ સાથેનો તેનો સંબંધ છે. વ્યૂહાત્મક રીતે, ભારત-અમેરિકા સંબંધો મજબૂત રહે છે.

ચીન, ઈન્ડો-પેસિફિકમાં સુરક્ષા સહયોગ અને સંરક્ષણ ભાગીદારી વિશેની સામાન્ય ચિંતાઓ આની પુષ્ટિ કરે છે, પરંતુ આર્થિક મોરચે પરિસ્થિતિ વધુ જટિલ છે. ૨૦૨૫ માં ભારતીય નિકાસ પર લાદવામાં આવેલા ભારે યુએસ ટેરિફથી સ્પષ્ટ થયું કે વ્યૂહાત્મક ભાગીદારી હજુ પણ આર્થિક સંરક્ષણવાદની ખાતરી આપતી નથી. આ ફક્ત વેપાર નુકસાનનો પ્રશ્ન નથી, પરંતુ એક વ્યાપક સંકેત પણ છે કે અમેરિકા ભારતને એક વ્યૂહાત્મક ભાગીદાર તેમજ વ્યવહારિક આર્થિક એન્ટિટી તરીકે જુએ છે.

૨૦૨૬ ના ઉંબરે ભારતનો સૌથી મોટો પડકાર એ રહેશે કે તે આર્થિક દબાણને વશ થવા તૈયાર છે તેવી છાપ આપ્યા વિના અમેરિકા સાથે મર્યાદિત વેપાર કરાર તરફ આગળ વધવું. વધુ પડતી નરમાઈ ભારતની વૈશ્વિક સોદાબાજીની વિશ્વસનીયતાને નબળી પાડી શકે છે, જ્યારે લાંબા સમય સુધી સંઘર્ષ આર્થિક વિકાસને અસર કરી શકે છે, ખાસ કરીને એવા સમયે જ્યારે વૈશ્વિક માંગ પહેલાથી જ ધીમી છે.

આ સંતુલન કાર્ય સરળ નહીં હોય, પરંતુ ભારત માટે આવશ્યક રહેશે. બીજી ચિંતા અમેરિકા અને પાકિસ્તાન વચ્ચે સંભવિત પુનઃ જોડાણ છે. જોકે પાકિસ્તાન હવે યુએસ વિદેશ નીતિનો કેન્દ્રિય સ્તંભ નથી, જો વોશિંગ્ટન આતંકવાદ વિરોધી સહયોગ અથવા પ્રાદેશિક સ્થિરતાના નામે ઈસ્લામાબાદ સાથે મર્યાદિત વ્યૂહાત્મક જોડાણ પણ વધારશે, તો તે ભારતની સુરક્ષા ચિંતાઓને અસર કરી શકે છે. ભારતે ખાતરી કરવી જોઈએ કે ભારત-પાકિસ્તાન સંબંધો ફરીથી હાઈફેન ન થાય અને સરહદ પાર આતંકવાદના મુદ્દા પર આંતરરાષ્ટ્રીય દબાણ નબળું ન પડે.

૨૦૨૬ માં ભારતનું બ્રિક્સ પ્રમુખપદ સંભાળવું એક તક અને પડકાર બંને છે. બ્રિકસ હવે ફક્ત ઉભરતી અર્થવ્યવસ્થાઓ માટેનું મંચ નથી; તે વિવિધ ભૂરાજકીય પ્રાથમિકતાઓ અને વૈચારિક દ્રષ્ટિકોણનો એક જટિલ સમૂહ બની ગયો છે. ભારત આ મંચને દિશા પ્રદાન કરે તેવી અપેક્ષા છે, પરંતુ ચીનનું આર્થિક વર્ચસ્વ અને રશિયાની ભૂરાજકીય મજબૂરીઓ સર્વસંમતિને મર્યાદિત કરે છે.

કેટલાક નવા સભ્યો બ્રિકસને પશ્ચિમ વિરોધી મંચ તરીકે જુએ છે, જ્યારે ભારતનો અભિગમ વધુ વ્યવહારિક અને સંતુલિત છે. ભારત માટે પડકાર એ રહેશે કે બ્રિકસને વિકાસ, નાણાં, ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને આબોહવા અનુકૂલન જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત રાખવું, જ્યારે વૈચારિક ધ્રુવીકરણ ટાળવું. જો બ્રિકસ ફક્ત રેટરિક માટેનું પ્લેટફોર્મ બની જાય અથવા પશ્ચિમ વિરોધી રાજકારણમાં ફસાઈ જાય, તો ભારતની પુલ-નિર્માતા તરીકેની ભૂમિકા ગંભીર રીતે નબળી પડશે.

૨૦૨૬ માં વેપાર રાજદ્વારી ભારતની વિદેશ નીતિની બીજી મહત્વપૂર્ણ સીમા હશે. વૈશ્વિક વેપાર વ્યવસ્થા ઝડપથી વિભાજીત થઈ રહી છે - સંરક્ષણવાદ, ઔદ્યોગિક નીતિ અને પસંદગીયુક્ત ડિકપ્લિંગ હવે અપવાદ નથી પરંતુ નવી સામાન્ય છે. પરિણામે,ઈયુ યુકે અને ઈન્ડો-પેસિફિક ભાગીદારો સાથે ભારતના મુક્ત વેપાર કરારો માત્ર આર્થિક નહીં પણ વ્યૂહાત્મક જરૂરિયાત બની ગયા છે. જોકે, આ વાટાઘાટોમાં શ્રમ ધોરણો, પર્યાવરણીય નિયમો, ડેટા ગવર્નન્સ અને બજાર ઍક્સેસ જેવા સંવેદનશીલ મુદ્દાઓનો સમાવેશ થાય છે. ભારતને તેની સ્થાનિક નીતિ સ્વાયત્તતા સાથે સમાધાન કર્યા વિના વધુ પડતા રક્ષણાત્મક વલણને દૂર કરવાના પડકારનો પણ સામનો કરવો પડશે. વધુ પડતા વિલંબથી ભારત ચીનના વિકલ્પો શોધવા માટે સપ્લાય ચેઈનમાંથી બહાર નીકળી જશે. પ્રાદેશિક રીતે, પાકિસ્તાન ભારતનો સૌથી જટિલ પડકાર છે.

ટ્રેલરથી જ વધ્યો વિવાદ

# સલમાન ખાનની બેટલ ઓફ ગલવાન પર ચીન નારાજ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બોલીવૂડ અભિનેતા સલમાન ખાનની આગામી ફિલ્મ **'Battle Of Galwan'** રિલીઝ પહેલા જ ચર્ચામાં આવી ગઈ છે. આ ફિલ્મ ૨૦૨૦માં લદ્દાખના ગલવાન વિસ્તારમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી અથડામણ પર આધારિત છે. ફિલ્મ એપ્રિલ ૨૦૨૬માં સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

૨૭ ડિસેમ્બરે સલમાન ખાને ફિલ્મનું ટ્રેલર અને ટીઝર રિલીઝ કર્યું હતું. ટીઝર સામે આવતા જ ચીનમાં વિવાદ ઊભો થયો. ચીનના એક અહેવાલ મુજબ, કેટલાક ચીની નિષ્ણાતોએ કહ્યું છે કે ફિલ્મ ભલે ‘‘અતિશય ઉત્સાહી નાટક’’ બતાવે, પરંતુ તે ચીનના કોઈ પણ પવિત્ર અથવા દાવેદાર પ્રદેશને અસર કરી શકશે નહીં. **'Battle Of Galwan'**નું દિગ્દર્શન અપૂર્વ લાખિયા દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મના ટીઝરમાં સલમાન ખાન ભારતીય સેનાના અધિકારી તરીકે નજરે પડે છે. સલમાને આ ટીઝર પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પણ શેર કર્યું છે. ટીઝર સલમાનના દમદાર અવાજથી શરૂ થાય છે. તેમાં તેઓ કહે છે, ‘‘જો તમે ઘાયલ થાઓ, તો તેને મેડલ માનો અને જો તમે મૃત્યુ જુઓ, તો તેને સલામ કરોપઅને કહો—જય બજરંગ બલી! જય બિરસા મુંડા! જય ભારત માતા!’’ આ ફિલ્મમાં સલમાન ખાન કર્નલ બિકુમલ્લા સંતોષ બાબુની ભૂમિકા ભજવી રહ્યા છે. કર્નલ સંતોષ બાબુ ગલવાન અથડામણ દરમિયાન શહીદ થયા હતા અને તેમને મરણોત્તર મહાવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ટીઝરમાં સલમાન એક આર્મી ઓફિસર બતાવ્યો છે. બરફીલા પવન, ઊંચા પહાડો અને જોખમી પરિસ્થિતિઓ વચ્ચેના દ્રશ્યો ફિલ્મને વધુ વાસ્તવિક બનાવે છે. એક્શન સિક્વન્સમાં સલમાન દુશ્મનો સામે બહાદુરીથી લડતા દેખાય છે. લોહીથી લથપથ ચહેરો, તીક્ષ્ણ હથિયારો અને તીવ્ર હાવભાવ તેમની ભૂમિકાની ગંભીરતા દર્શાવે છે. સમગ્ર ટીઝર જુસ્સો અને દેશભક્તિથી ભરેલો છે. આ ફિલ્મ સલમાન ખાન ફિલ્મ્સના બેનર હેઠળ બની રહી છે. સલમાનની સાથે ફિલ્મમાં અભિનેત્રી ચિત્રાંગદા સિંહ પણ મહત્વની ભૂમિકામાં છે. જુલાઈમાં એક ઈન્ટરવ્યૂમાં સલમાન ખાને કહ્યું હતું કે **‘‘Battle Of Galwan’** તેમની કારકિર્દીની સૌથી પડકારજનક ફિલ્મોમાંની એક છે. તેમણે જણાવ્યું કે ફિલ્મ શારીરિક રીતે ખૂબ જ મુશ્કેલ છે. હવે તેમને તાલીમ માટે વધુ સમય આપવો પડે છે. દોડવું, મુક્કાબાજી અને સતત કઠિન અભ્યાસ તેમની તૈયારીનો ભાગ રહ્યો છે.

એક જ વર્ષમાં ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરનાર દેશની એકમાત્ર પબ્લિક સેક્ટર હોસ્પિટલ

# અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઈન્સ્ટિટ્યૂટે નવો વિક્રમ સ્થાપિત કરતાં વર્ષ ૨૦૨૫માં ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા

## ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ 24X7 કાર્યરત રહેતું ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝિસ એન્ડ રીસર્ચ સેન્ટર

અમદાવાદ સિવિલ મેડિસીટી સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર **(IKDRC-ITS)**એ કિડની પ્રત્યારોપણના ક્ષેત્રમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે.

★ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત આ સંસ્થાએ માત્ર વર્ષ ૨૦૨૫માં જ ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે.

આ ભવ્ય સફળતા સાથે ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસિઝિસ એન્ડ રિસર્ચ સેન્ટરે સમગ્ર દેશમાં પબ્લિક હોસ્પિટલની શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવી પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે.

કિડની ઈન્સ્ટિટ્યૂટની આ કામગીરી આજે અંગ પ્રત્યારોપણના દર્દીઓ માટે આશાનું નવું કિરણ બની છે.

★ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટરની પ્રગતિ પર નજર કરીએ તો, નવેમ્બર ૨૦૨૪ સુધીમાં કુલ ૪૦૦ અંગ પ્રત્યારોપણ કરવામાં આવ્યા હતા,જ્યારે વર્ષ ૨૦૨૫માં માત્ર ૭ ઓક્ટોબર સુધીમાં જ કિડની ટ્રાન્સપ્લાન્ટનો આંકડો ૪૦૦ સુધી પહોંચી ગયો હતો. મોટી સફળતા પ્રાપ્ત કરતા, વર્ષના અંત સુધીમાં આ સંખ્યા ૫૦૦ પર પહોંચી છે, જે એક નોંધપાત્ર રેકોર્ડ છે.

★આ ૫૦૦ ટ્રાન્સપ્લાન્ટમાં ૩૬૭ પુરુષો અને ૧૩૩ મહિલાઓનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ છે કે, આ સેવાનો લાભ માત્ર ગુજરાત પૂરતો મર્યાદિત નથી, તેમાં ૩૩૦ દર્દીઓ ગુજરાતના અને ૧૭૦ દર્દીઓ અન્ય રાજ્યોના છે.

ટેકનોલોજી અને વિશેષ ટ્રાન્સપ્લાન્ટની દ્રષ્ટિએ પણ કિડની ઈન્સ્ટિટ્યૂટે નવી દિશા ચીંધી છે. વર્ષ ૨૦૨૫ના કુલ આંકડામાં ૧૫૭ કેડેવર ટ્રાન્સપ્લાન્ટ, ૯૦ સ્વેપ ટ્રાન્સપ્લાન્ટ, ૪૯ બાળકોના પિડિયાટ્રિક (બાળકોના) ટ્રાન્સપ્લાન્ટ અને ૪૩ રોબોટિક ટ્રાન્સપ્લાન્ટનો સમાવેશ થાય છે. આધુનિક ટેકનિક અને કુશળ તબીબોના સમન્વયથી આ જટિલ ઓપરેશન્સ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા છે.

આર્થિક રીતે નબળા દર્દીઓ માટે પણ આ ઈન્સ્ટિટ્યૂટ આશીર્વાદરૂપ સાબિત થઈ છે. કુલ ટ્રાન્સપ્લાન્ટમાંથી ૩૧૮ જેટલા ઓપરેશન **PM-JAY** (આયુષ્માન ભારત) યોજના હેઠળ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ હેઠળ ૨૯, **SC** વર્ગના ૨૪, **ST** વર્ગના ૭, તેમજ **CAPF**ના ૪ અને **CGHS** હેઠળ ૫ ટ્રાન્સપ્લાન્ટ કરીને છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં આવી છે. **IKDRC**ની આ સફળતા પાછળ તેની સતત ઉપલબ્ધતા અને સેવાની ભાવના રહેલી છે.

કિડની ઈન્સ્ટિટ્યૂટ દિવાળી જેવા મોટા તહેવારો સહિત વર્ષના તમામ ૩૬૫ દિવસ, ૨૪ કલાક કાર્યરત રહે છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના સતત સહયોગ અને માર્ગદર્શન હેઠળ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર આજે ભારતની અગ્રણી પબ્લિક હોસ્પિટલ તરીકે ઉભરી આવી છે, જે માનવ સેવાના ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે પ્રસ્થાપિત થઈ છે.

શ્રદ્ધા ટીકેશ, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ.

# રાજ્ય સરકારના વર્ષ ૨૦૨૬ના કેલેન્ડરનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિમોચન



રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વર્ષ ૨૦૨૬ના કેલેન્ડરનું આજે ગાંધીનગર ખાતે વિમોચન કર્યું હતું.

આ કેલેન્ડર ‘‘આત્મનિર્ભર ભારત, આપણું ગૌરવ—વોકલ ફોર લોકલ’’ થીમ પર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં આત્મનિર્ભર ભારતના સંકલ્પને સિધ્ધ કરવાના ગુજરાતના પુરૂષાર્થરૂપે ગુજરાતે સાધેલી ઔધોગિક પ્રગતિ અને કલા-સંસ્કૃતિની સમૃધ્ધિને નયનરમ્ય તસવીરો અને અગત્યની ટૂંકી વિગતો સાથે પ્રસ્તુત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૨૬ના કેલેન્ડરને નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

આ કેલેન્ડરમાં ઓટોમોબાઈલ ઉધોગ, રાસાયણિક ઉદ્યોગો, ફાર્મા સેક્ટર , સિરામિક ઉદ્યોગ, સેમિકન્ડક્ટર, ડાયમંડ જેવા ઉદ્યોગો અને પાટણના પટોળા, કચ્છની હસ્તકલા, પિઠોરા ચિત્રકળા, બાંધણી, રોગાન ચિત્રકળા, અકીક કારીગરી જેવી ગુજરાતની વિશેષ કલાને પણ રજૂ કરાઈ છે.

આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી શ્રી ડૉ. જયરામભાઈ ગામીત, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી વિક્રાંત પાંડે, કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગ અને અગ્ર સચિવ શ્રી મોહમ્મદ શાહિદ, માહિતી નિયામક શ્રી કે. એલ. બચાણી, સરકારી મુદ્રણ અને છાપકામ કચેરીના ઈન્ચાર્જ નિયામક શ્રી પ્રેમસિંઘ કંવર સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આગામી ૧લી જાન્યુઆરીએ સવારે ૭ થી ૮ કલાકે YouTube Liveના માધ્યમથી નાગરિકો એકસાથે સૂર્ય નમસ્કાર કરશે

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી ૧લી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એક ઐતિહાસિક અને ગૌરવશાળી કાર્યક્રમ ‘નવા વર્ષની પ્રથમ સૂર્ય કિરણને નમસ્કાર’નું આયોજન કરવામાં આવ્યું છે. આજની યુવા પેઢી નવા વર્ષની ઉજવણીમાં પાર્ટીઓ તરફ વળી રહી છે, ત્યારે તેમને આપણી પ્રાચીન ભારતીય યોગ સંસ્કૃતિ તરફ વાળવા માટે આ અનોખું અભિયાન હાથ ધરાયું છે.નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ આ ઐતિહાસિક સત્રમાં જોડાઈને રાજ્યના યુવાધનને વધુ પ્રોત્સાહન આપશે.

★ઘરે બેઠા લાખો નાગરિકો જોડાશેઃ

આ કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા એ છે કે તે સંપૂર્ણપણે **YouTube Live** ના માધ્યમથી પ્રસારિત થશે. રાજ્યના ખૂણેખૂણેથી લાખો નાગરિકો, વિદ્યાર્થીઓ, ખેલાડીઓ અને સરકારી કર્મચારીઓ આગામી ૧લી જાન્યુઆરી ૨૦૨૬એ સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાકે પોતાના મોબાઈલ દ્વારા લાઈવ સત્રમાં જોડાઈ શકશે. દરેક વ્યક્તિ પોતાના ઘરના આંગણે, અગાસી પર કે નજીકના બગીચામાં રહીને સૂર્ય નમસ્કાર અને ધ્યાન દ્વારા નવા વર્ષનું સ્વાગત કરશે.

★પાર્ટીથી યોગ તરફનો સંદેશઃ

આ કાર્યક્રમ પાછળનો મુખ્ય હેતુ આજની યુવા પેઢી **(GenZ)**ને એ સંદેશ આપવાનો છે કે ૧લી જાન્યુઆરી એ માત્ર વેસ્ટર્ન કલ્ચરની જેમ નવા કેલેન્ડર વર્ષ ઉજવવાનો દિવસ નથી, પરંતુ આપણા શરીર અને મનને ઊર્જાવાન બનાવવાનો અવસર છે. નૂતન વર્ષની સૂર્યનારાયણની નૂતન કિરણને નમસ્કાર કરવાનો અવસર છે. ’વેસ્ટર્ન કલ્ચરથી યોગ તરફ’ અને ’વિદેશીથી સ્વદેશી તરફ’ના મંત્ર સાથે આ કાર્યક્રમ ગુજરાતના યુવાધનને નવી દિશા આપશે.

★ડિજિટલ સર્ટિફિકેટ દ્વારા પ્રોત્સાહનઃ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આ કાર્યક્રમમાં સહભાગી થનાર દરેક નાગરિકને પ્રોત્સાહિત કરવા માટે ડિજિટલ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

લાઈવ સત્ર દરમિયાન આપવામાં આવેલી લિંક દ્વારા જોડાનાર તમામ સહભાગીઓ પોતાનું સર્ટિફિકેટ ડાઉનલોડ કરી શકશે.

★સહયોગ અને જનભાગીદારીઃ

આ ઐતિહાસિક કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો, શિક્ષણ સંસ્થાઓ, રમતગમત એકેડમી અને સામાજિક સંસ્થાઓ પણ જોડાશે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ૧લી જાન્યુઆરીના પ્રથમ સૂર્યોદયને યોગ અને સૂર્ય નમસ્કાર સાથે વધાવે.

★કઈ રીતે જોડાવું ?★

નાગરિકોએ ૧લી જાન્યુઆરીએ સવારે ૭:૦૦ વાગ્યે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સત્તાવાર **YouTube** ચેનલ પર લાઈવ જોડાઈ જવાનું રહેશે. વધુ વિગતો અને રજીસ્ટ્રેશન માટે **https://surya namaskar. gsyb.in** ની મુલાકાત લેવા રાજ્ય યોગ બોર્ડ દ્વારા જણાવાયું છે.

શરૂઆતમાં નાની રકમ રોકાણ કરાવવામાં આવી

# થાણેમાં સાયબર ઠગોએ દંપતી પાસેથી ૨૧ લાખની કરી છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના બદલાપુરમાં સાયબર ફ્રોડનો એક મોટો કેસ સામે આવ્યો છે, જ્યાં એક દંપતીને શેર ટ્રેડિંગમાં મોટા નફાની લાલચ આપીને ૨૧.૯ લાખ રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ આ ફ્રોડ વોટસએપ ગ્રુપના માધ્યમથી કરવામાં આવ્યું છે, જેમાં રોકાણ પર ઉંચા વળતરની લાલચ આપવામાં આવી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે ફ્રોડનો શિકાર બનેલું દંપતી બદલાપુરનું રહેવાસી છે. નવેમ્બર મહિનામાં તેમને નામના એક વોટસએપ ગ્રુપમાં જોડવામાં આવ્યા હતા. ગ્રુપમાં હાજર કથિત એક્સપર્ટ દ્વારા શેરબજારમાં સુરક્ષિત અને વધારે નફો કમાવવાનો દાવો કરવામાં આવી રહ્યો હતો. શરૂઆતમાં નાની રકમ રોકાણ કરાવવામાં આવી, જેનાથી દંપતિનો વિશ્વાસ વધ્યો.

ત્યારબાદ સાયબર ઠગોએ દંપતી પર સતત દબાણ બનાવીને અલગ અલગ શેરમાં રોકાણ કરાવ્યું. માત્ર ૧૧ દિવસની અંદર જ દંપતીએ કૂલ ૨૧.૯ લાખ રૂપિયાનું રોકાણ કરી દીધું અને થોડા સમય પછી જ્યારે પીડિતોને પોતાની મૂળ રકમ અને કથિત નફો કાઢવાનો પ્રયત્ન કર્યો તો તેમને એવું કરવાથી રોકવામાં આવ્યા, ત્યારબદા તેમને ખબર પડી કે તેમની સાથે છેતરપિંડી થઈ ચૂકી છે. ઠગાઈ થઈ હોવાની જાણ થવા પર પીડિત દંપતિએ પોલીસનો સંપર્ક કર્યો, કેસની તપાસ બાદ પોલીસે અજાણ્યા સાયબર ઠગોની વિરૂદ્ધ છેતરપિંડી સહિત અન્ય કલમો હેઠળ પ્રાથમિક ફરિયાદ દાખલ કરી છે. પોલીસનું કહેવું છે કે ઠગોની ઓળખ કરવા માટે ટેક્નિકલ મદદ, બેક્ક ટ્રાન્ઝેક્શન અને ડિજિટલ ફુટપ્રિન્ટની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે સામાન્ય નાગરિકોને અપીલ કરી છે કે તે સોશિયલ મીડિયા કે વોટસએપ ગ્રુપ દ્વારા મળનારા રોકાણ પ્રસ્તાવથી સાવધાન રહે, તપાસ કર્યા વગર કોઈ પણ સ્કીમમાં પૈસાનું રોકાણ ના કરે અને શંકાસ્પદ ગતિવિધિની તરત જ જાણ પોલીસ કે સાયબર હેલ્પલાઈન પર કરે.

રાજયભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે કરવામાં આવી રહેલી કામગીરીની સમીક્ષા અર્થે લોકભવન ખાતે બેઠક યોજાઈ

# પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટતું નથી; ભ્રમ તોડવો જરૂરી છેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી





રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ સંદર્ભે થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા ગાંધીનગરમાં લોકભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, લોકોમાં આજે પણ એવી માનસિકતા વ્યાપક છે કે પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ઉત્પાદન ઘટશે અને દેશની ખાદ્ય સુરક્ષા સામે સંકટ ઊભું થશે. પરંતુ આ માન્યતા ભ્રામક છે. પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટતું નથી; ભ્રમ તોડવો જરૂરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે પ્રાકૃતિક ખેતી અને જૈવિક (ઓર્ગેનિક) ખેતી એક નથી, બંને વચ્ચે જમીન-આકાશ જેટલો તફાવત છે.

રાજ્યપાલશ્રીએ સમજાવ્યું કે, જૈવિક ખેતીમાં ખર્ચ અને મહેનત વધુ કરવી પડે છે. જ્યારે પ્રાકૃતિક કૃષિમાં નહિવત ખર્ચે સ્વસ્થ ઉત્પાદન મળે છે. જૈવિક ખેતીમાં પ્રારંભના બે-ત્રણ વર્ષોમાં ઉત્પાદન ઓછું મળે છે, જેના કારણે કેટલાક લોકો પ્રાકૃતિક ખેતીને પણ એ જ માપદંડથી માપી રહ્યા છે. પરંતુ, હવે આ શંકા દૂર થશે.

ગુજરાતની ચાર કૃષિ યુનિવર્સિટીઓ દાંતિવાડા, જુનાગઢ, આણંદ અને નવસારીએ ત્રણ વર્ષ સુધી સંશોધન કરીને પ્રાકૃતિક ખેતી, જૈવિક ખેતી અને રાસાયણિક ખેતી, ત્રણેય મોડેલ પર તુલનાત્મક અભ્યાસ કર્યો છે. ત્રણ વર્ષના ગહન સંશોધન બાદ ચારેય યુનિવર્સિટીઓએ સ્પષ્ટ રીતે નિષ્કર્ષ આપ્યો છે કે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટતું નથી. રાજ્યપાલશ્રીએ અધિકારીઓને ગુજરાતના વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે સરકારની યોજનાઓનો યોગ્ય અમલ કરવા જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ તેમના ગ્રામ્ય પ્રવાસના અનુભવો જણાવતાં કહ્યું કે, તેઓ પ્રાકૃતિક કૃષિના પ્રચાર માટે જાતે તાલુકા સ્તરે જઈને ખેડૂતો વચ્ચે રહે છે, ગુજરાતના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવવા તૈયાર છે.

આ ઉપરાંત રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, કાર્બન ક્રેડિટ પણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે નવી આવકનો માર્ગ બની શકે છે. ઘણી સંસ્થાઓ કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા બદલ ખેડૂતોને પ્રોત્સાહન આપે છે, જે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે મહત્વપૂર્ણ આર્થિક સહારો બની શકે છે. પ્રાકૃતિક કૃષિના આધારસ્તંભ સમાન દેશી ગાયોની સંખ્યામાં વધારો કરવા અને તેમની નસલમાં સુધારો કરવા માટે રાજ્યપાલશ્રીએ સૂચનો આપ્યા હતા. તેમણે રાજ્યભરમાં સેક્સ્ડ સોર્ટેડ સિમેન સરળતાથી મળી રહે તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવા સૂચવ્યું હતું.

આ બેઠકમાં કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાતના લાખો ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. આગામી વર્ષમાં વધુ ૨ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે દિશામાં આયોજનબદ્ધ કાર્ય કરવા અધિકારીઓને સૂચવ્યું હતું. તેમણે કૃષિ વિભાગ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ, સહાયકારી યોજનાઓ, તાલીમ, સંશોધન અને શિક્ષણ અંગે થતી કામગીરીની સમીક્ષા કરી ઉચ્ચ અધિકારીશ્રીઓને જરૂરી સુચનો આપ્યા હતા. આ બેઠકમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણા, રાજભવનના અગ્ર સચિવશ્રી અશોક શર્મા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સંયુક્ત સચિવ શ્રી નીતિન સંગવાન, કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આત્મા, પશુપાલન વિભાગ અને કૃષિ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાં કથાકારની ૧૭ વર્ષની દીકરીનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ખટોદરા પોલીસ મથકની હદમાં આવતા વિસ્તારમાં આ કરુણ ઘટના બની છે. ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય કિશોરીએ પોતાના જ ઘરના રસોડામાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે સમયે દીકરીએ આ અંતિમ પગલું ભર્યું, તે સમયે તેના પિતા કથાના કાર્યક્રમમાં વ્યસ્ત હતા. ઘરે પરત ફરતા પરિવારને દીકરીની આ હાલત જોતા પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.પ્રાથમિક વિગતો મુજબ, મૃતક કિશોરી ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી હતી. બોર્ડની આગામી પરીક્ષાઓને લઈને તે છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં હોવાનું જાણવા મળ્યું છે. પરીક્ષામાં કેવું પરિણામ આવશે અને અભ્યાસના ભારણને તે સહન ન કરી શકતા આ આત્મઘાતી પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૪૩૮ અને ચાંદીના વાયદામાં રૂ.૧૧૫૩૧નો જંગી ઉછાળોઃ ક્રૂડ તેલમાં રૂ.૧૮નો સુધારો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૮૩૬૦.૬૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૪૨૨૫૦.૫૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૭૭૭૯.૪૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૧૦૯ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૯૦૬૧૯.૧૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૮૩૬૦.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૪૨૨૫૦.૫૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૫૧૦૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૯૯૨.૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૭૭૭૯.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૬૬૫૦ અને નીચામાં રૂ.૧૩૫૨૯૨ના મથાળે અથડાઈ, રૂ.૧૩૪૯૪૨ના આગલા બંધ સામે રૂ.૧૪૩૮ વધી રૂ.૧૩૬૩૮૦ થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૦૩૧ વધી રૂ.૧૦૯૭૪૨ થયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૧૨ વધી રૂ.૧૩૬૮૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૫ વધી રૂ.૧૩૩૯૮૦ થયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૪૨૯૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૫૩૦૮ અને નીચામાં રૂ.૧૩૪૨૬૧ના મથાળે અથડાઈ, રૂ.૧૩૩૦૭૬ના આગલા બંધ સામે રૂ.૧૬૪૯ વધી રૂ.૧૩૪૭૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૧૧૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૭૨૨૫ અને નીચામાં રૂ.૨૩૧૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૨૪૪૨૯ના આગલા બંધ સામે રૂ.૧૧૫૩૧ વધી રૂ.૨૩૫૯૬૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦૯૪૦ વધી રૂ.૨૩૬૭૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦૯૭૮ વધી રૂ.૨૩૬૮૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૮૬૮૪.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૬૦.૨ વધી રૂ.૧૨૬૧.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૨.૧ વધી રૂ.૩૦૬.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૪.૧૫ વધી રૂ.૨૯૪.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો રૂ.૫.૯ વધી રૂ.૧૯૪.૯ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૮૭૦.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૩૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૪૦ અને નીચામાં રૂ.૩૯૨૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧ વધી રૂ.૩૯૩૪ થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૨૫૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૭૦ અને નીચામાં રૂ.૫૨૩૧ના મથાળે અથડાઈ, રૂ.૫૨૪૦ના આગલા બંધ સામે રૂ.૧૮ વધી રૂ.૫૨૫૮ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૮ વધી રૂ.૫૨૫૮ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ ૫૦ પૈસા વધી રૂ.૩૫૭.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો ૨૦ પૈસા વધી રૂ.૩૫૭.૭ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૮૪.૫ના ભાવે ખૂલી, રૂ.૩૮.૭ વધી રૂ.૧૦૧૩ થયો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૦૬ના ભાવે ખૂલી, રૂ.૪૦ વધી રૂ.૨૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૭૩૮૫.૯૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૩૯૩.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૮૦૧૪.૦૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૫૪.૯૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫.૬૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૯૦.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૫.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૪.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૭૦.૨૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૩૦૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૩૯૧૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૪૩૩૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૯૧૪૦૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૨૫૧૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૧૮૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૬૩૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૦૭૧૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૧૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૦૨૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૩૮૧૦ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૪૬૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૫૩૩૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૬૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૯૩ પોઈન્ટ વધી ૩૫૧૦૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૭ વધી રૂ.૧૧૭.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૦ પૈસા ઘટી રૂ.૨૭.૬ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૦.૫ વધી રૂ.૩૯૬.૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૪૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૩૫ વધી રૂ.૧૦૭૦૦ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૧.૫૭ વધી રૂ.૬૬.૨૪ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૨ પૈસા ઘટી રૂ.૧૨.૨ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૨ ઘટી રૂ.૧૧૩.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૦ પૈસા ઘટી રૂ.૨૪.૩૫ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૪ ઘટી રૂ.૬૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૬૮.૫ ઘટી રૂ.૩૦૩૮ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૧.૩૬ ઘટી રૂ.૨૪.૭૫ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૦૯ ઘટી રૂ.૧૦.૧૫ થયો હતો.

# આકાઓનુ દબાણ કરાવ્યુ તો પણ કંઈ મેળ ન પડયો : સરકાર કે સંગઠનમાં આ નેતાઓનો કયાંય ચાન્સ ન લાગ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના નવા પ્રદેશ સંગઠનની જાહેરાત થતા જ રાજયના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. દિલ્હી સુધી આકાઓને આજીજી કરી હોવા છતાં અનેક દિગ્ગજ નેતાઓના નામ પર છેલ્લી ઘડીએ કાતર ફેરવી દેવામાં આવી છે. આ યાદીમાં એવા નામો બહાર આવ્યા છે જેણે ખુદ ભાજપના નેતાઓને પણ અચંબામાં મુકી દીધા છે. વાત એટલી સાચી છે કે નવી ઘોડી નવો દાવ પણ ઘણાના અરમાનો ભાંગીને ભુકકા થયા છે, મુંગેરીલાલના હસીન સપના જોતા નેતાઓના સપના ચકનાચુર થયા છે. પૂર્વ મંત્રી જયેશ રાદડીયા, પૂર્વ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, યુવા નેતા ઋત્વિજ પટેલ, પૂર્વ ગૃહમંત્રી રજની પટેલ, પુર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફીયા, ભરત બોઘરા સહિત અન્ય ઘણા નેતાઓ એવા હતા જેઓને ભાજપ પ્રદેશ સંગઠનમાં સ્થાન મળશે તેવી




આશા હતી. પરંતુ તેમની રાજકીય ગણતરી ઉંધી પડી છે. સરકારમાંથી તો જ કપાયા પણ હવે સંગઠનમાં પણ પદ ન મળ્યુ, સંગઠનમાં પ્રભુત્વ જાળવી રાખવા માટે અનેક નેતાઓએ દિલ્હી સુધી દોડધામ કરી હતી. પૂર્વ મંત્રી જયેશ રાદડીયા, પૂર્વ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા અને રજની પટેલ જેવા કદાવર નેતાઓની રાજકીય ગણતરીઓ ઉંધી પડી છે. આ દિગ્ગજોને સંગઠનમાં સ્થાન મળશે તેવી પ્રબળ શકયતા હતી. પરંતુ નવા માળખામાં તેમની બાદબાકીએ સૌને ચોંકાવ્યા છે. તો બીજી તરફ કેટલાક નેતાઓ માટે આ યાદી નવી આશા લઈને આવી છે. ગણપત વસાવાને એસટી મોરચાનુ પ્રમુખ પદ સોંપ્યુ છે. જયારે ઝંખના પટેલની પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકેની નિમણુંક સૌથી વધુ ચર્ચામાં છે. એક સમયે કાર્યક્રમોના આમંત્રણથી પણ વંચિત રહેલા નેતાઓને હવે ફરી મુખ્ય ધારામાં લાવવામાં આવ્યા છે. યુવા નેતા ઋત્વીજ પટેલ, ગોરધન ઝડફીયા અને ભરત બોઘરા જેવા ચહેરાઓ પણ આ વખતે સંગઠનમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યા છે. વિવિધ મોરચાના પ્રમુખ કે પ્રવકતા બનવા માટે મથતા અનેક નેતાઓનો ગજ વાગ્યો નથી.

સંગઠનમાં યજ્ઞેશ દવેની પણ બાદબાકી થતા પ્રશાંતવાળા ફરી લાઈમ લાઈટમાં આવ્યા છે. ઘણા પ્રવકતા નેતાઓના પણ ચહેરા મુરઝાયા છે. ઘણાને મોટા નેતાઓનો લાગેલો થપ્પો પણ નડયો છે. વિવિધ મોરચાના પ્રમુખ બનવા અને પ્રવકતા બનવા માટે ઘણા નેતાઓએ પ્રયાસ કર્યો હતો. પણ મેળ પડયો નથી. દિલ્હી સુધી રાજકીય લોંબીંગ કર્યુ છતાં આ નેતાઓનો ગજ ન વાગ્યો. ધાર્યા ન હોય તેવા નામોની જાહેરાત થઈ ગઈ પરંતુ ભાજપમાં આ નેતાઓની મનની મનમાં રહી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે. આ માટે ભાજપમાં આંતરીક રાજકારણ કારણભુત છે. નવી ટીમમાં દક્ષિણ ગુજરાતમાંથી એકપણ મહામંત્રીની નિમણુંક કરવામાં આવી નથી. કુલ મહામંત્રીઓ પૈકી ૩ મહામંત્રીઓ એકલા સૌરાષ્ટ્ર ઝોનમાંથી મુકવામાં આવ્યા છે. જે બતાવે છે કે ટીમમાં સૌરાષ્ટ્રનો દબદબો છે. જો કે તેમાં જયેશ રાદડીયાનુ નામ કયાંય નથી. જયેશ રાદડીયા સૌરાષ્ટનો હિરો કહેવાતા છતાં ઈફકો મા જે થયુ તેનાથી તેઓ સરકારની ગુડબુકમાંથી કયારના બહાર નિકળી ગયા છે. આ જ કારણ છે કે મંત્રીપદ બાદ હવે સંગઠનમાં પણ તેમની બાદબાકી કરવામાં આવી છે. તો બીજી તરફ ઉત્તર અને મધ્ય ગુજરાતના નેતાઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ અસંતોષ આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપને નડે તો નવાઈ નહી.

### સમયપાલન સુધારવા માટે કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર

# એક જાન્યુઆરીથી વડોદરા મંડળ પર ટ્રેનોનો નવો ટાઈમ ટેબલ લાગુ

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર આગામી એક જાન્યુઆરી, ૨૦૨૬ થી નવી સમયસૂચી લાગુ કરવામાં આવી રહી છે. ટ્રેનોના સંચાલનમાં સમયપાલન વધુ સારું બનાવવા માટે વિવિધ સ્ટેશનો પર ૭૭ ટ્રેનોના સમય પ્રીપોન્ડ કરવામા આવ્યા છે, જેમાં ટ્રેનો તેમના વર્તમાન નિર્ધારિત સમય કરતા ૧ મિનિટથી ૧૫ મિનિટ વહેલી પહોંચશે. તેવી જ રીતે, ૨૩ ટ્રેનોના સમય પ્રીપોન્ડ કરવામા આવ્યા છે, જેમાં ટ્રેનો તેમના વર્તમાન નિર્ધારિત સમય કરતા ૨ મિનિટથી ૪૦ મિનિટ મોડી પહોંચશે. વડોદરા મંડળના નડિયાદ, આણંદ, ભરૂચ, અંકલેશ્વર, ગોધરા, છાયાપુરી, એકતા નગર અને અન્ય સ્ટેશનો સહિત વિવિધ સ્ટેશનો પર કેટલીક ટ્રેનોના આગમન/પ્રસ્થાનના સમયમાં ફેરફાર થશે, જ્યાં આ ટ્રેનો તેમના વર્તમાન નિર્ધારિત સમય કરતા વહેલા અથવા મોડા પહોંચશે. ૬૯૧૭૨ ભરુચ–સુરત મેમુ, ૨૨૯૩૦ વડોદરા– દહાણુ રોડ સુપરફાસ્ટ, ૬૯૧૧૨ વડોદરા–સુરત મેમુ, ૬૯૧૨૨ ગોધરા–વડોદરા મેમુ અને ૬૯૧૦૪ આનંદ–વડોદરા મેમુ ને પ્રીપોન્ડ કરીને ટ્રેનોને ૫ મિનિટ પેહલા કરવામાં આવી છે, એટલે હવે આ ટ્રેનો પોતાના મૂળ સ્ટેશન પર થી ૫ મિનિટ પહેલાં પ્રસ્થાન કરશે, મુસાફરોની માંગ પર, અલીરાજપુર - પ્રતાપનગર મેમુને ૧૫ મિનિટ મોડી કરવામા આવી છે, હવે આ ટ્રેન અલીરાજપુર સ્ટેશન પરથી ૧૭:૧૫ વાગ્યાની બદલે ૧૭:૩૦ વાગ્યે ઉપડશે. વડોદરા સ્ટેશન પર આગમન/પ્રસ્થાન કરતી ૨૩ ટ્રેનોને પ્રીપોન્ડ કરવામાં આવી છે, એટલે કે આ ટ્રેનો વડોદરા સ્ટેશન પર પથી ૧૫ મિનિટ વહેલી આવશે. તેમજ ૭ ટ્રેનોને પોસ્ટપોન્ડ કરવામાં આવી છે, એટલે કે આ ટ્રેનો વડોદરા સ્ટેશન પરથી વર્તમાન સમય ૫ થી ૧૨ મિનિટ મોડે જશે. એકતાનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન કરતી ૨ ટ્રેનો, એટલે કે ટ્રેન નંબર ૨૦૯૫૦ એકતાનગર–અમદાવાદ જનશતાબ્દી એક્સપ્રેસ અને ટ્રેન નંબર ૦૯૪૧૦ એકતાનગર–અમદાવાદ સ્ટીમ હેરિટેજ સ્પેશિયલને પ્રીપોન્ડ કરવામાં આવી છે. તેમજ ૨ ટ્રેનો, એટલે કે ટ્રેન નંબર ૨૦૯૪૫ એકતાનગર–હઝરત નિઝામુદ્દીન ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ અને ૬૯૨૦૬ એકતાનગર–પ્રતાપનગર મેમુને પોસ્ટપોન્ડ કરવામાં આવી છે. આણંદ સ્ટેશન પર આગમન/પ્રસ્થાન કરતી ૧૮ ટ્રેનોને પ્રીપોન્ડ કરવામાં આવી છે, એટલે કે આ ટ્રેનો આણંદ સ્ટેશન પર પથી ૭ મિનિટ વહેલી આવશે. તેમજ ૪ ટ્રેનોને પોસ્ટપોન્ડ કરવામાં આવી છે, એટલે કે આ ટ્રેનો આણંદ સ્ટેશન પરથી વર્તમાન સમયથી ૧૨ મિનિટ મોડે જશે. નડિયાદ સ્ટેશન પર આગમન/પ્રસ્થાન કરતી ૧૪ ટ્રેનોને પ્રીપોન્ડ કરવામાં આવી છે, એટલે કે આ ટ્રેનો નડિયાદ સ્ટેશન પર ૫ થી ૧૦ મિનિટ વહેલી આવશે. તેમજ ૨ ટ્રેનોને પોસ્ટપોન્ડ કરવામાં આવી છે, એટલે કે આ ટ્રેનો નડિયાદ સ્ટેશન પરથી વર્તમાન સમયથી ૨ મિનિટ મોડે જશે.

ગોધરા સ્ટેશન પર આગમન/પ્રસ્થાન કરતી ૪ ટ્રેનોને પોસ્ટપોન્ડ કરવામાં આવી છે, ભરૂચ સ્ટેશન પર આગમન/પ્રસ્થાન કરતી ૧૫ ટ્રેનોને પ્રીપોન્ડ કરવામાં આવી છે, એટલે કે આ ટ્રેનો ભરૂચ સ્ટેશન પર પથી ૭ મિનિટ વહેલી આવશે. અંકલેશ્વર સ્ટેશન પર આગમન/પ્રસ્થાન કરતી ૫ ટ્રેનોને પ્રીપોન્ડ કરવામાં આવી છે, એટલે કે આ ટ્રેનો અંકલેશ્વર સ્ટેશન પર પથી ૭ મિનિટ વહેલી આવશે. છાયાપુરી સ્ટેશન પર આગમન/પ્રસ્થાન કરતી ૩ ટ્રેનોને પોસ્ટપોન્ડ કરવામાં આવી છે, એટલે કે આ ટ્રેનો છાયાપુરી સ્ટેશન પર ૨ મિનિટ મોડે આવશે. રેલવે દ્વારા મુસાફરોને અપીલ કરવામાં આવે છે કે કૃપા કરીને નવા ટાઈમ ટેબલ મુજબ મુસાફરી કરતી વખતે રેલવે પૂછપરછ ૧૩૯,અથવા વેબસાઈટ **www.wr. indian railways. gov.in** પર વિગતો ચકાસી લેવી.

# પીએનજી જ્વેલર્સે લાઈટસ્ટાઈલ બાય પીએનજી સાથે વૃદ્ધિનો આગામી તબક્કો ધારદાર બનાવે છેઃ સારા તેંડુલકરને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરાઈ

પીએનજી જ્વેલર્સની સમકાલીન લાઈટવેઈટ ફાઈન જ્વેલરી બ્રાન્ડ લાઈટસ્ટાઈલ બાય પીએનજી દ્વારા સારા તેંડુલકરને તેની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્તિની ઘોષણા કરવા સાથે ભારતના ભાવિ જ્વેલરી ગ્રાહકો સાથે બ્રાન્ડનું જોડાણ મજબૂત બનાવવામાં મોટું પગલું લીધું છે.

આ સહયોગ પીએનજી જ્વેલર્સના લીગસી ગ્રાહકો અને તેના ભાવિ ગ્રાહકો વચ્ચે વ્યૂહાત્મક અંતર તરીકે લાઈટસ્ટાઈલની ભૂમિકા પર ભાર આપે છે. પીએનજી લગભગ બે સદીથી પેઢી દર પેઢી વિશ્વસનીય નામ છે ત્યારે લાઈટસ્ટાઈલ આધુનિક રિટેઈલ ફોર્મેટ, સમકાલીન ડિઝાઈન લેન્ગ્વેજ અને ઓમ્ની-ચેનલ અનુભવ થકી ભાવિ પેઢીને સુસંગત રહેવા માટે સતર્કતાથી નિર્માણ કરાયું છે.




લાઈટસ્ટાઈલ પાછળના વિશાળ ધ્યેય પર બોલતાં પીએનજી જ્વેલર્સના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર ડો. સૌરભ ગાડગિલે જણાવ્યું હતું કે, “લાઈટસ્ટાઈલ બાય પીએનજી ભાવિ ગ્રાહકો સાથે અમારા મોજૂદ ગ્રાહકો વચ્ચેનું અંતર દૂર કરવા સતર્ક અને લાંબા ગાળાનો પ્રયાસ છે. પીએનજીએ પેઢી દર પેઢી વિશ્વાસ જીત્યો છે ત્યારે આજે યુવા ગ્રાહકો વિચારે, ખરીદી કરે અને પોતાને વ્યક્ત કરે તે રીત સાથે સુસંગત રહેવાનું અમારે માટે તેટલું જ મહત્ત્વપૂર્ણ છે. લાઈટસ્ટાઈલ મજબૂત ઓમ્નીચેનલ હાજરી સાથે આધુનિક રિટેઈલ ફોર્મેટ તરીકે નિર્માણ કરાઈ છે, જે ફક્ત પારંપરિક અવસરોને બદલે રોજબરોજના અવસરો આસપાસ તૈયાર કરવામાં આવી છે. આ ટૂંકા ગાળાની સ્ટાઈલ પહેલ નથી, પરંતુ મર્ચન્ડાઈઝિંગ, નિયોજન, માર્કેટિંગ અને ડિજિટલ મંચો પર કેન્દ્રિત સમર્પિતતા સાથે પીએનજીની છત્રછાયા હેઠળ ગંભીર વેપાર ક્ષિતિજ છે. અમારા પાઈલટ સ્ટોર્સને પ્રોત્સાહનજનક પ્રતિસાદે બ્રાન્ડને મુખ્ય બજારોમાં માળખાબદ્ધ રીતે ઉચ્ચ સ્તરે લઈ જવાનો આત્મવિશ્વાસ અમને આપ્યો છે.”

સારા તેંડુલકરની નૈસર્ગિક મનોહરતા, આધુનિક દ્રષ્ટિબિંદુ અને મજબૂત ડિજિટલ જોડાણે બ્રાન્ડની ફિલોસોફી માટે તેને મજબૂત અનુકૂળ બનાવી છે. ઈન્સ્ટાગ્રામ પર ૮.૯ મિલિયન ફોલોઅરો સાથે તે અંડરસ્ટેટેડ સ્ટાઈલ, વિશ્વસનીયતા અને સંતુલિત હાજરી માટે વ્યાપક રીતે ઓળખાય છે. તેની કલીન સિલ્હલ્ટસ, મિનિમલ એમ્બેલિશમેન્ટ અને કમ્ફર્ટ પ્રેરિત ફેશન માટે અગ્રતાએ લાઈટસ્ટાઈલના ડિઝાઈન ઈથોઝ સાથે સહજ રીતે સુમેળ સાધ્યો છે.

આ અવસરે બોલતાં સારા તેંડુલકર કહે છે, “લાઈટસ્ટાઈલ સહજતા અને વ્યક્તિગતતાનું ભાન પ્રદર્શિત કરે છે, જે મને અત્યંત સ્વાભાવિક લાગે છે. જ્વેલરી હલકી, વિચારપૂર્વક અને રોજબરોજના જીવન માટે તૈયાર કરવામાં આવી છે, જેથી આ ભાગીદારી ખરા અર્થમાં રોમાંચક બનાવે છે.”

આમાં ઉમેરો કરતાં લાઈટસ્ટાઈલ બાય પીએનજીના માર્કેટિંગ અને ઈ-કોમર્સના હેડ હેમંત ચવાણે જણાવ્યું હતું કે, “સારા લાઈટસ્ટાઈલ જેને માટે નિર્માણ કરાઈ છે જે યુવા મહિલાની વિચારધારા આલેખિત કરે છે, જેમાં તેની પોતાની રીતે આત્મવિશ્વાસ, આધુનિક અને એક્સપ્રેસિવનો સમાવેશ થાય છે. યુવા દર્શકો સાથે સહજતાથી કનેક્ટ થવાની તેની ક્ષમતા ડિઝાઈન, સહજતા અને વિશ્વસનીયતાની કદર કરતા ભાવિ ગ્રાહકો માટે અગ્રતાનું જ્વેલરી સ્થળ બનવાની લાઈટસ્ટાઈલની મહત્ત્વાકાંક્ષાને મજબૂ કરે છે.”

બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સારા બ્રાન્ડ અને કલેકશન કેમ્પેઈનોમાં દેખાશે, ડિજિટલ પહેલો, મિડિયા ઈન્ટરએક્શન્સમાં ભાગ લેશે અને મુખ્ય સ્ટોર લોન્ચમાં હાજરી આપશે. તે ચુનંદાં કલેકશન્સ માટે સ્ટાઈલ મ્યુઝ તરીકે પણ કામ કરશે. બે વર્ષની ભાગીદારી ડિસેમ્બર ૨૦૨૫થી શરૂ થાય છે, જેમાં કલેકશન્સમાં માર્ચ ૨૦૨૬ પછી લોન્ચમાં સારા દેખાશે.

લાઈટસ્ટાઈલ બાય પીએનજી પીએનજી છત્રછાયા હેઠળ અજોડ વેપાર ક્ષિતિજ તરીકે કામ કરે છે, જે સ્વ- ખરીદી, ગિફ્ટિંગ કે રોજબરોજના અવસરો માટે પારંપરિક અથવા તહેવારના અવસરોની પાર જ્વેલરી ખરીદી કરતી મહિલાઓને પહોંચી વળે છે. બ્રાન્ડ મજબૂત ઓમ્નીચેનલ અભિગમનું પાલન કરે છે, જે પ્રત્યક્ષ સ્ટોર્સ, ડિજિટલ મંચો અને કન્ટેન્ટ પ્રેરિત સહભાગને જોડે છે.

પુણે અને ગોવામાં પાઈલટ સ્ટોર્સમાંથી પ્રોત્સાહનજનક પ્રતિસાદ પછી લાઈટસ્ટાઈલ હવે માળખાબદ્ધ વિસ્તરણ કરવા માટે સુસજ્જ છે. બ્રાન્ડ નાણાકીય વર્ષ ૨૦૨૮ સુધી ૫૦ સ્ટોર્સ આસપાસ વિસ્તરણ કરવાની યોજના ધરાવે છે, જેમાં કંપનીની માલિકીના અને ફ્રેન્ચાઈઝ માલિકીની ફોર્મેટ્સનું સંમિશ્રણ રહેશે, જેને મજબૂત ઓનલાઈન સ્ટોર અને એપનો ટેકો રહેશે. વિસ્તરણના આરંભિક તબક્કામાં મહારાષ્ટ્ર પર ધ્યાન કેન્દ્રિત કરાશે, જે પછી ભારતના અન્ય ભાગોમાં વિસ્તરણ કરાશે.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની વંદે ભારત ટ્રેનમાં મુસાફરી



રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ગાંધીનગરથી મુંબઈ સુધી ભારતની અદ્યતન ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ દ્વારા રેલમાર્ગે પ્રવાસ કર્યો. આ પ્રવાસ દરમિયાન રાજ્યપાલશ્રીએ ભારતીય રેલ્વે દ્વારા વિકસાવવામાં આવેલી આધુનિક સુવિધાઓ, સમયપાલન, સ્વચ્છતા અને મુસાફરોને મળતી આરામદાયક સેવાઓનો અનુભવ કર્યો.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વંદે ભારત એક્સપ્રેસ ‘નવા ભારત’ની પ્રગતિ, આત્મનિર્ભરતા અને તકનિકી ક્ષમતાનું જીવંત પ્રતીક છે. દેશના નાગરિકોને ઝડપી, સુરક્ષિત અને સુવિધાસભર મુસાફરી ઉપલબ્ધ કરાવવાની દિશામાં આ ટ્રેન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય રેલ્વેમાં થયેલા વ્યાપક સુધારા અને આધુનિકીકરણના પ્રયાસો દેશની પરિવહન વ્યવસ્થાને નવી દિશા આપી રહ્યા છે અને રેલ્વેને વિકાસના મહત્વપૂર્ણ સાધન તરીકે સ્થાપિત કરી રહ્યા છે.

ટ્રેન ઉપડવાના નિર્ધારિત સમય પહેલા રાજ્યપાલશ્રી લોકભવનથી ગાંધીનગર રેલવે સ્ટેશન આવી પહોચ્યા હતા. ગાંધીનગરથી મુંબઈ જતી વંદે ભારત ટ્રેનમાં રાજ્યપાલશ્રીએ પોતાની સીટ ગ્રહણ કરી ત્યારે તે કોચમાં મુસાફરી કરી રહેલા અન્ય મુસાફરોમાં કૂતુહલ સર્જાયુ હતું. રાજ્યપાલશ્રીએ વિનમ્ર ભાવે તમામ મુસાફરોનું અભિવાદન ઝીલ્યુ હતું તેમજ તેઓની સાથે સહજ સંવાદ પણ કર્યો હતો.

# રાજય પોલીસવડા તરીકે કે એલ રાવનુ નામ નિશ્ચિત: ગમે તે ઘડીએ થઈ શકે છે જાહેરાત

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે રાજયના પોલીસવડા વિકાસ સહાય નિવૃત્ત થઈ રહ્યા છે. મોડે મોડે સરકારે રાજય પોલીસવડા તરીકે વિકાસ સહાયને ૬ મહિનાનુ એકસટેન્શન આપ્યુ હતુ, જેનો આજે ૩૧ ડીસેમ્બરે છેલ્લો દિવસ છે, તો બીજી તરફ રાજય પોલીસવડા દ્વારા નાના પોલીસ કર્મીઓને બદલી માટે લોલીપોપ આપી છેલ્લે છેલ્લે પણ નાના પોલીસકર્મીઓને આંતરજિલ્લા ફેરબદલી માટે નારાજ કર્યા હોવાનુ બહાર આવ્યુ છે. રાજય પોલીસવડા



વિકાસ સહાય દ્વારા પોલીસ કર્મીઓની બદલીઓ કરવામાં ન આવતા પોલીસ કર્મીઓમાં નિરાશા વ્યાપી ઉઠી છે. રાજય પોલીસવડા તરીકે કે એલ રાવનુ નામ નિશ્ચિત માનવામાં આવી રહ્યુ છે. તેમના નામની ગમે ત્યારે જાહેરાત થઈ શકે છે. હાલના રાજય પોલીસવડા વિકાસ સહાય સત્તાવાર રીતે તો ૬ મહિના પહેલા જ નિવૃત્ત થવાના હતા. પરંતુ તેમને ૩૧ ડીસેમ્બર સુધીનુ એકસટેન્શન આપવામાં આવ્યુ હતું. જે આજે પુરૂ થયુ થઈ ગયુ છે. વિકાસ સહાયને ફરી એકવાર એકસટેન્શન મળે એની કોઈ સંભાવના દેખાતી નથી. ડીજીપી બનવાની રેસમાં સૌથી

## છેલ્લે છેલ્લે વિકાસ સહાયે નાના પોલીસકર્મીઓને બદલીમાં કર્યા નારાજ: પોલીસ કર્મીઓનો બળાપો


આગળ ચાલી રહેલા ડો. કે એલ એન રાવ ૧૯૯૨ ની બેચના આઈપીએસ અધિકારી છે.

રાવ હાલમાં સીઆઈડી ક્રાઈમમાં ડીજીપી તરીકે ફરજ બજાવી રહ્યા છે. જી એસ મલીક કરતા ડો. કે એલ એન રાવ સિનીયર છે અને તેમનો નિવૃત્તિનો ૨૨ મહિનાનો સમય બાકી છે. જેથી ગુજરાત રાજયના ૩૦ માં ડીજીપી તરીકે રાવ ની નિમણુંક થવાની શકયતા વધુ મજબુત માનવામાં આવી રહી છે. આ અંગે રાજયના નવનિયુકત જેમનુ નામ રેસમાં આગળ છે તેવા રાજય પોલીસવડા ડો. કે એલ એન રાવ એ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે સરકાર જે પણ જવાબદારી આપે તે હું સ્વમાનભેર સ્વીકારી લઈશ અને પ્રમાણિકતાથી ફરજ બજાવીશ તેવુ તેમણે કહ્યુ હતું.

# ગૃહમંત્રી હર્ષ સંઘવી મંત્રીઓની ભલામણો ધ્યાને કેમ લેતા નથી? પ્રજાનો બળાપો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અન્ય મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા પ્રજામાં રોષ ભભુકી ઉઠયો છે. હર્ષ સંઘવી કેટલાક માનીતા મંત્રીઓ અને ધારાસભ્યોની ભલામણો ધ્યાને લઈ અન્ય મંત્રીઓ કે ધારાસભ્યોની ભલામણો ધ્યાને ન લેતા અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યા છે.




મંત્રીઓની જ ભલામણો ધ્યાને લેવાતી ન હોય તો ધારાસભ્યો કામ માટે હર્ષ સંઘવી પાસે શું આશા રાખી શકે તેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ હર્ષ સંઘવીનો જયારથી મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવ્યો ત્યાર થી જ મોટાભાગના મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા ખુદ મંત્રીઓ પણ નાયબ મુખ્યમંત્રીની કામગીરીથી નારાજ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે એવુ પણ ચર્ચાઈ રહ્યુ છે કે અગાઉ ગૃહમંત્રીની જવાબદારી હોવા છતાં મંત્રીઓના કામો ન કરતા કેટલાક મંત્રીઓ તો સામેથી જ મંત્રી મંડળમાં સ્થાન ન મળે તો કંઈ વાંધો ન હોવાનુ કહી ચુકયા છે. ભાજપમાં ચુંટણીઓ જીતવી સરળ છે પરંતુ મંત્રીઓ અને અધિકારીઓ પાસે કામ કરાવવા એટલે સાત કોઠા વિંધવા જેવી નોબત આવી પડી છે. હાલના મંત્રી મંડળમાં બોલે તેના બોર વેચાય તેવો ઘાટ સર્જાયો છે. જે મંત્રી કડકાઈથી બોલે તેના જ કામ થાય છે નહીતર મંત્રીને ગાડી બંગલા સિવાય બીજુ કંઈ નસીબ થતુ નથી.

# પાલનપુરના કાણોદર નજીક આદિવાસી પદયાત્રા પોલીસે અટકાવી: ધારાસભ્ય કાંતી ખરાડી સહિત ૫૦ લોકોની કરાઈ અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના કાણોદર-છાપી નજીક વિસ્તારમાં મંજુરી વગર યોજાયેલી આદિવાસી પદ યાત્રાને પોલીસે અટકાવી હતી. આ પદયાત્રા બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને ગાંધીનગર એમ કુલ ૪ જિલ્લાઓમાંથી પસાર થવાની હતી અને અંતે ગાંધીનગર પહોચવાની યોજના હતી. આ યાત્રાનુ નેતૃત્વ ધારાસભ્ય કાંતી ખરાડી દ્વારા કરવામાં આવ્યુ હતું. પરંતુ પદયાત્રા માટે કોઈપણ પ્રકારની સત્તાવાર મંજુરી લેવામાં આવી ન હતી.



ધારાસભ્ય કાંતી ખરાડી સહિત અંદાજે ૫૦ થી વધુ લોકોની અટકાયત કરી હતી, પોલીસને પદયાત્રાની માહિતી મળતા કાણોદર વિસ્તારમાં યાત્રાને રોકવામાં આવી હતી, યાત્રા અટકાવવાના સમયે ધારાસભ્ય કાંતી ખરાડી અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ સર્જાયુ હતું. જાહેર શાંતિ અને કાયદો વ્યવસ્થા જાળવવાના હેતુસર પોલીસે કાર્યવાહી કરી અને ધારાસભ્ય કાંતી ખરાડી સહિત અંદાજે ૫૦ થી વધુ લોકોની અટકાયત કરી હતી. આ સાથે ગુલાબસિંહ રાજપુતને પણ પોલીસ દ્વારા હિરાસતમાં લેવામાં આવ્યા હતા. રાજકીય ચર્ચા અને ચર્ચાસ્પદ માહોલ સર્જાયો હતો. અટકાયત કરાયેલા તમામ લોકોને પાલનપુર તાલુકા પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા. પોલીસે સ્પષ્ટ કહ્યુ હતુ કે પદયાત્રાની પૂર્વ મંજુરી લેવામાં આવી ન હોવાથી અને મોટી સંખ્યામાં લોકો એકત્ર થતા સંભવિત કાયદો વ્યવસ્થાની પરીસ્થિતિ સર્જાઈ શકે તેમ હોવાથી આ પગલુ ભરવુ પડયુ હતું. આ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં રાજકીય ચર્ચા અને ચર્ચાસ્પદ માહોલ સર્જાયો હતો.

# સુરેન્દ્રનગર કલેકટર પર ઈડી ની રેડમાં મોટા માથાનો દોરી સંચાર: નૌશાદ સોલંકી

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગરમાં જમીન કૌભાંડ અને ભ્રષ્ટાચારના આરોપસર પડેલી ઈડી ની રેડ બાદ એકતરફ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. તો બીજી તરફ કોંગ્રેસે આ કાર્યવાહી સામે શંકા વ્યકત કરી છે. કોંગ્રેસ નેતા નૌશાદ સોલંકી કલેકટરના બચાવની મુદ્રામાં જોવા મળ્યા હતા અને તેમણે આ કાર્યવાહીને એક ચોકકસ સમાજના અધિકારીને નિશાન બનાવવાનુ કાવતરૂ ગણાવ્યુ હતું. નૌશાદ સોલંકીએ સીધો આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે સુરેન્દ્રનગરના કલેકટર એક આશાસ્પદ પાટીદાર ઓફીસર હતા અને તેમનો ભોગ લેવામાં આવ્યો છે. ભ્રષ્ટાચારના કેસમાં જયારે તટસ્થ તપાસની અપેક્ષા હોય છે ત્યારે કોંગ્રેસ દ્વારા અધિકારીની જ્ઞાતિનો ઉલ્લેખ કરીને વિકિટમ કાર્ડ રમવામાં આવી રહ્યુ હોવાની ચર્ચાઓ શરૂ થઈ છે. સોલંકીના મતે આ કાર્યવાહી પાછળ રાજકીય ઈરાદાઓ હોઈ શકે છે. સરકારી તંત્રમાં ભયનો માહોલ હોવાનો દાવો કરતા નૌશાદ સોલંકીએ કહ્યુ હતુ કે આજની સ્થિતિએ ગુજરાતનો એક પણ કલેકટર સલામત નથી, તેમણે એવો ઈશારો કર્યો હતો કે જો કોઈ અધિકારી



સત્તાધારી ભાજપ કે સ્થાનિક રાજકારણીઓની મરજી વિરૂધ્ધ જાય તો તેને કેન્દ્રીય એજન્સીઓનો ડર બતાવવામાં આવે છે.

ઈડી જેવી કેન્દ્રીય એજન્સીની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવતા સોલંકીએ દલીલ કરી હતી કે માત્ર કોઈ સામાન્ય માણસની અરજી કે ફરીયાદના આધારે ઈડી સીધી રેડ પાડવા આવી જાય તે વાત ગળે ઉતરે તેવી નથી, તેમણે આડકતરો ઈશારો કર્યો હતો કે આ રેડ પાછળ સ્થાનિક રાજકારણ અને મોટા માથાઓની સંડોવણી હોઈ શકે છે. જેમણે ઈરાદાપૂર્વક કલેકટરને ફસાવ્યા છે.

સોલંકીના આ નિવેદનો બાદ અનેક સવાલો ઉભા થયા છે.શું ભ્રષ્ટાચારના ગંભીર આરોપોમાં પણ જ્ઞાતિ જોવી જોઈએ ? એક તરફ ૧૫૦૦ કરોડ રૂપીયાના કથિત કૌભાંડની વાતો વહેતી થઈ છે, સરકારી જમીનો અને સોલાર પ્રોજેકટમાં ગેરરીતીના પુરાવાઓ શોધવામાં આવી રહ્યા છે, ત્યારે વિપક્ષ દ્વારા અધિકારીનો બચાવ કરવો કેટલો યોગ્ય છે ? શું કોંગ્રેસ આ મુદ્દે પાટીદાર સમાજની સહાનુભુતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે ? હાલ તો ઈડી ની તપાસ ચાલુ છે અને દસ્તાવેજો ની ચકાસણી બાદ જ ભ્રષ્ટાચારનુ સત્ય બહાર આવશે. પરંતુ નૌશાદ સોલંકીના નિવેદનોએ આ તપાસને ભ્રષ્ટાચાર વિરૂધ્ધ કાર્યવાહીમાંથી જ્ઞાતિવાદી રાજકારણ તરફ વાળી દીધી છે. આવનારા દિવસોમાં તપાસ એજન્સી શું ખુલાસા કરે છે અને રાજકીય આક્ષેપબાજી કઈ દિશામાં જાય છે તે જોવુ રહ્યું.

# હવે ગુજરાતમાં ભાગેડુ લગ્નમાં તલાટીએ ઉચ્ચ અધિકારી પાસેથી મંજુરી લઈ લગ્ન નોંધણી કરવી પડશે

## ભાગેડુ લગ્નની નોંધણીને વર્ગ-૨ અધિકારી આપશે મંજુરી : તલાટી વર્ગ-૨ અધિકારીની મંજુરી વિના નોંધણી નહી કરે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી પાટીદાર યુવતિ આરતી સાંગાણીના લગ્નને લઈ સરકાર હરકતમાં આવી છે. અને આજે જ ભાગેડુ લગ્ન કિસ્સામાં કેટલાક ફેરફારો કર્યા છે, ગુજરાતમાં પ્રેમ લગ્ન અથવા ઘરથી ભાગીને કરવામાં આવતા લગ્નોના કિસ્સામાં રાજય સરકાર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટો વહિવટી નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજયમાં ભાગેડુ લગ્નની નોંધણી પ્રક્રિયાને વધુ ચુસ્ત બનાવવા અને સામાજિક વિવાદો ઘટાડવા માટે લગ્ન નોંધણીના નિયમોમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. હવેથી કોઈપણ યુવક-યુવતિ ભાગીને લગ્ન કરશે તો તેની સીધી નોંધણી ગ્રામ્ય સ્તરે તલાટી કરી શકશે નહી, નવા નિયમ અનુસાર ભાગીને કરેલા લગ્નની નોંધણી કરવા માટે હવે વર્ગ-૨ સ્તરના અધિકારીની પૂર્વ મંજુરી લેવી ફરજીયાત બનાવવામાં આવી છે. અત્યાર સુધી તલાટી કમ મંત્રી પાસે લગ્ન નોંધણીની સત્તા હતી પરંતુ હવે ભાગેડુ લગ્નના કિસ્સામાં તલાટી ત્યારે જ નોંધણી કરી શકશે જયારે તેમને ઉપરના અધિકારી તરફથી લીલીઝંડી મળે. આ ફેરફારનો મુખ્ય ઉદેશ લગ્નની કાયદેસરતા અને પારદર્શિતા તપાસવાનો છે. આ નવા સુધારામાં સૌથી મહત્વનુ પાસુ નોટીસની પ્રક્રિયા છે. જયારે પણ કોઈ યુગલ ભાગીને લગ્ન કર્યા હોવાની નોંધણી માટે અરજી કરશે ત્યારે સંબંધીત તંત્ર દ્વારા યુવક અને યુવતિ બંનેના માતા પિતાને નોટીસ મોકલવામાં આવશે. આ નોટીસ દ્વારા પરીવારને જાણ કરવામાં આવશે કે તેમના સંતાનો લગ્નગ્રંથીથી જોડાયા છે અને તેની નોંધણી કરાવવા માગે છે. આ પ્રક્રિયાથી ભાગીને થતા લગ્નોમાં જે અંધારામાં રાખવાની પ્રવૃત્તિ થતી હતી તેના પર રોક લાગશે.

સરકારે આ પ્રક્રિયા માટે ચોકકસ સમયમર્યાદા પણ નકકી કરી છે, માતા પિતાને નોટીસ મળ્યા બાદ ૩૦ દિવસની અંદર તેમણે પોતાનો જવાબ રજુ કરવાનો રહેશે. યુવક યુવતિના પરીવારજનોએ આ નોટીસના અનુસંધાને પોતાનો પક્ષ રાખવો પડશે, જો પરીવાર તરફથી કોઈ ગંભીર વાંધો હોય અથવા દસ્તાવેજોમાં ક્ષતિ હોય તો તેની ચકાસણી વર્ગ-૨ ના અધિકારી દ્વારા કરવામાં આવશે. આ ૩૦ દિવસના સમયગાળા દરમિયાન લગ્નની નોંધણી પ્રક્રિયા સ્થગિત રાખવામાં આવશે. છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં એવા કિસ્સાઓ સામે આવ્યા હતા જેમાં માતા પિતાની મરજી વિરૂધ્ધ કે જાણ બહાર લગ્નો કરી લેવામાં આવતા હતા. જેના કારણે સામાજિક ઘર્ષણ અને કાયદાકીય ગુંચવણો ઉભી થતી હતી. આ મુદ્દે વિવિધ સમાજોએ સરકાર સમક્ષ નિયમો બનાવવા માંગ કરી હતી.



માતા-પિતાને નોટિસ મળ્યાના ૩૦ દિવસમાં જવાબ રજૂ કરવો પડશે

# કોંગ્રેસમાં ઘી ના ઠામમાં ઘી ઢોળાયુ: નારાજ ધારાસભ્ય કિરીટ પટેલ હવે રાજીનામુ નહી આપે

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસમાં ફરી એકવખત જુથવાદનો મામલો બહાર આવ્યો છે. ત્યારે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ દંડક પદેથી રાજીનામુ આપે તેવી વાતો વહેતી થઈ હતી. પરંતુ કોંગ્રેસ નારાજ કિરીટ પટેલને મનાવવામાં સફળ રહી છે. હવે તેઓ રાજીનામુ નહી આપે, કિરીટ પટેલે તેમની માંગણીઓ સ્વીકારવાની વાત કરી છે. કિરીટ પટેલે જણાવ્યુ હતુ કે કોઈ પ્રેસર ટેકનીક ન હતી. અમારી મુખ્ય બે માંગણીઓ હતી, પહેલા પણ કહ્યુ હતુ કે રાધનપુરમાં જે બનાવ બન્યો છે તે પ્રદેશ અધ્યક્ષ અને વિરોધ પક્ષના નેતાના રૂબરૂમાં બન્યો છે. બીજુ પાટણમાં એસસી સેલની નિમણુંક કરવામાં આવી હતી. અમારો પ્રમુખ જયાબેનનો કોઈ વિરોધ નથી. પરંતુ જે પણ નિમણુંકો કરવામાં આવી તેમાં ૨૦૧૭ અને ૨૦૧૯માં અમારી વિરૂધ્ધમાં જે કામ કરવામાં આવ્યુ હતુ તેવા લોકોને પ્રદેશ કક્ષાએ પ્રાધાન્ય



આપવામાં આવ્યુ હતું. અમારી બે માંગણીઓ હતી કે આ બે મામલે તાત્કાલીક એકશન લેવામાં આવે, અમારી વિરૂધ્ધ કામ કર્યુ છે તેમની નિમણુંક તાત્કાલીક રદ કરવામાં આવે, પ્રદેશ અધ્યક્ષે આ બંને મામલે વિશ્વાસ અને બાંહેધરી આપી છે. હાલ રાજીનામુ આપવાનુ રદ કર્યુ છે. નોંધનીય છે કે ગુજરાત કોંગ્રેસમાં ચાલી રહેલો આંતરીક કલેશ ફરી ચરમસીમાએ જોવા મળ્યો હતો. પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલ આરપારની લડાઈના મુડ માં જોવા મળ્યા હતા. પક્ષમાં પોતાની અવગણના અને ખોટી નિમણુંકોથી નારાજ થઈને કોંગ્રેસ પક્ષના દંડક પદેથી આજે રાજીનામુ આપવાની જાહેરાત કરી દીધી હતી. આ ઘટનાથી ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. પાટણના ધારાસભ્ય અને કોંગ્રેસના દિગ્ગજ નેતા કિરીટ પટેલે પ્રદેશ નેતૃત્વ સામે નારાજગી વ્યકત કરતા જણાવ્યુ હતુ કે પાટણમાં અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખની નિમણુંકને લઈને તેઓ અત્યંત નારાજ છે. તેમણે સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો તેમની વાત સાંભળવામાં નહી આવે તો તેઓ કડક પગલુ ભરશે, તેમજ દંડક પદેથી રાજીનામાની વાત કરી હતી. એટલુ જ નહી તેમને કહ્યુ હતુ કે પક્ષમાં સાચા કાર્યકરોની કદર થતી નથી, ચુંટણીમાં જે લોકોએ મને હરાવવા માટે રાત દિવસ એક કર્યા હતા તેમને જ આજે સંગઠનમાં મોટા હોદ્દા આપવામાં આવી રહ્યા છે. ચુંટાયેલા જનપ્રતિનિધિઓને વિશ્વાસમાં લીધા વગર જ નિર્ણયો લેવાતા હોવાથી તેમણે ભારે રોષ વ્યકત કર્યો હતો.

# ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનો અધિકાર માત્ર કાગળ પર: અનેક શાળાઓ માત્ર એક શિક્ષકના ભરોસે ચાલે છે

## છોટા ઉદેપુર, દાહોદ, નર્મદા અને તાપી જેવા જિલ્લાઓમાં અનેક સરકારી શાળાઓમાં શિક્ષકોની અછત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર વરસોથી શિક્ષણનો અધિકાર કાયદા હેઠળ દરેક બાળકને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવાની વાતો કરે છે. પરંતુ રાજયના આદિવાસી વિસ્તારોમાં જમીન પરની હકીકત આ દાવાઓને ખોટા સાબિત કરે છે. છોટા ઉદેપુર, દાહોદ, નર્મદા અને તાપી જેવા જિલ્લાઓમાં આજે પણ અનેક સરકારી શાળાઓ એવી છે જયાં પુરતા શિક્ષકો નથી અને ભણતર નિયમિત છે. પરીણામે આદિવાસી બાળકો માટે શિક્ષણનો અધિકાર માત્ર કાગળ પરનો કાયદો બનીને રહી ગયો છે.



છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાની ધરશીમેલ પ્રાથમિક શાળા આ હકીકતનુ જીવંત ઉદાહરણ છે. અહીં એક જ શિક્ષક કિશનકુમાર રાઠોડ નર્સરીથી ધો. ૫ સુધીના ૩૩ બાળકોને એક જ વર્ગખંડમાં ભણાવે છે. રાઠોડ નસવાડી તાલુકાના ૧૧ શાળાઓના ગૃપ પ્રિન્સિપાલ પણ છે. તેઓ કહે છે કે આ રીતે ભણતર આપવુ યોગ્ય નથી, પરંતુ શિક્ષકોની અછતને કારણે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી, મીડીયાના અહેવાલ મુજબ પુર્વ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં ઘણી શાળાઓ એવી છે જે સરકારી રેકોર્ડમાં તો નિયમિત ચાલતી બતાવવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં ત્યાં શિક્ષકો પુરતા નથી, શાળાનુ મકાન, રજીસ્ટર, પુસ્તકો અને મધ્યાહન ભોજન જેવી વ્યવસ્થાઓ છે. પરંતુ પાઠયક્રમ પુરૂ થતુ નથી, ઘણીવાર બાળકો કલાકો સુધી શાળામાં બેઠા રહી શિક્ષકની રાહ જોતા હોય છે.

છોટા ઉદેપુર જિલ્લો વર્ષ ૨૦૧૩ માં વડોદરા જિલ્લામાંથી અલગ કરીને બનાવાયો હતો. હેતુ એ હતો કે આદિવાસી વિસ્તારોને વિકાસ અને સુવિધા મળી શકે, ૨૦૧૧ ની વસ્તીગણતરી મુજબ આ જિલ્લો ગુજરાતમાં ત્રીજો સૌથી વધુ આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે. તેમ છતાં અહીં શિક્ષણ સૌથી મોટો પડકાર બનીને ઉભો છે.

રાજય સરકાર વિધાનસભામાં દાવો કરે છે કે ગુજરાતમાં પ્રાથમિક સ્તરે વિદ્યાર્થી અને શિક્ષકનુ પ્રમાણ ૩૦:૧ જાળવવામાં આવે છે. પરંતુ શિક્ષણ વિભાગના જ આંકડાઓ દર્શાવે છે કે છોટા ઉદેપુર જેવા આદિવાસી જિલ્લાઓમાં એક જ શિક્ષકવાળી અથવા શિક્ષક વિહોણી શાળાઓની સંખ્યા ચિંતાજનક છે. નસવાડી તાલુકામાં હાલ અંદાજે ૨૩૯ શિક્ષકોની અછત છે. જે જરૂરી સંખ્યાના લગભગ ૫૦ ટકા જેટલી છે. રાજય સરકારે આપેલી માહિતી મુજબ ૨૦૨૩ માં ગુજરાતની ૩૨ હજાર થી વધુ પ્રાથમિક શાળાઓમાંથી ૧૬૦૬ શાળાઓ માત્ર એક જ શિક્ષકથી ચાલી રહી હતી. ૨૦૨૨ માં આ સંખ્યા ૭૦૦ હતી જે બતાવે છે કે સમસ્યા સતત વધી રહી છે. શિક્ષણનો અધિકાર કાયદો ૨૦૦૯ મુજબ દરેક પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી સંખ્યા અનુસાર ઓછામાં ઓછા ૨ કે તેથી વધુ શિક્ષકો હોવા ફરજીયાત છે. પરંતુ આ નિયમોનો અમલ થતો દેખાતો નથી. નસવાડીની કેવડી પ્રાથમિક શાળાની સ્થિતિ તો વધુ ગંભીર છે. શાળાનુ મકાન જર્જરીત હોવાથી હાલ એક સ્થાનિક વ્યકિત દ્વારા અપાયેલા નાના ઓરડામાં વર્ગો ચાલી રહ્યા છે. આ અંગે માહિતી મેળવવા માટે આરટીઆઈ કરવામાં આવી હોવા છતાં અધિકારીઓ તરફથી કોઈ સ્પષ્ટ જવાબ મળ્યો નથી.

સ્થાનિક આરટીઆઈ અરજીઓ મુજબ નસવાડી તાલુકામાં ઓછાઓમાં ઓછી ૧૩૮ શાળાઓ એક જ શિક્ષક સાથે ચાલી રહી છે. જયારે ૩૦ જેટલી શાળાઓના વર્ગ ખંડો સંપૂર્ણપણે બિનઉપયોગી સ્થિતિમાં છે. શિક્ષણ ક્ષેત્રે કાર્યરત એનજીઓ ઉડાન સહિતના સામાજિક કાર્યકરો વરસોથી આ મુદ્દો ઉઠાવી રહ્યા છે. તેઓનુ કહેવુ છે કે શિક્ષકોની અછત અને નબળી વ્યવસ્થાના કારણે આદિવાસી બાળકોમાં ડ્રોપ આઉટનો દર વધી રહ્યો છે. તાજેતરમાં રાજય સરકારે ૧૦૭૦૦ વિદ્યા સહાયકોની ભરતીની જાહેરાત કરી છે. પરંતુ નસવાડી જેવા દુરના આદિવાસી વિસ્તારોમાં આ ભરતીની અસર હજુ સુધી દેખાઈ નથી. સરકારની યોજનાઓ અને વાસ્તવિક સ્થિતિ વચ્ચેનુ અંતર આજે પણ યથાવત છે.

# અંબાજી મંદિર ઉપર નવા વરસથી ૫ મીટર થી લાંબી ધજા નહી ચડે : ૧૫ વરસ જુના ધ્વજદંડની સુરક્ષાને લઈને નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર

અંબાજી મંદિરના સોનાના શિખર ઉપર ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી ૫ મીટર થી લાંબી ધજા નહી ચડાવવાનો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી ચડાવાતી પર ગજ સહિતની લાંબી ધજાઓના કારણે ૧૫ વરસ જુના ધ્વજદંડને નુકશાન તેમજ સુવર્ણકવચ ઉપર ઘસારો પણ થઈ રહ્યો હોવાનુ ટેકનીકલ સર્વેમાં બહાર આવ્યુ છે. જેને લઈ શ્રધ્ધાળુઓની સલામતી માટે નાની ધજાઓ જ ચડાવવાનો નિર્ણય લેવાયો છે.



અંબાજીમાં દર્શનાર્થે આવતા શ્રધ્ધાળુઓ માનતા પૂર્ણ થાય ત્યારે મંદિરના શિખરે ધ્વજારોહણ કરે છે, જેમાં પણ ભાદરવી પુનમના મેળામાં રાજયભરમાંથી હજારો પગપાળા સંઘ લઈને આવતા ભકતો પર ગજ સહિતની લાંબી ધજાઓ ચડાવે છે. આ ધજાઓથી ૧૫ વરસ જુના ધ્વજદંડને કોઈ નુકશાન તો થતુ નથી તે અંગે આરાસુરી અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ટેકનીકલ સર્વે હાથ ધરાયો હતો. ટ્રસ્ટના વહિવટદાર કૌશિક મોદીએ જણાવ્યુ હતુ કે ભટ્ટ જી મહારાજના શાસ્ત્રોકત અભિપ્રાય અને ટેકનીકલ ની સલાહ બાદ તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી ૫ મીટર લાંબી ધજા નહી ચડાવવાનો નિર્ણય લેવાયો છે. જો કોઈ યાત્રીક ૫ મીટરથી વધુ લંબાઈની ધજા લઈને આવશે તો તે ધજા માતાજીના ચરણોમાં અર્પણ કરાશે. ગુજરાતમાં આવેલા મંદિરો પૈકી દ્વારકામાં ૧૫૬ ફુટ સુધીની ધજા, સોમનાથ મંદિર ઉપર ૨૭ ફુટની ધજા ચડાવવામાં આવે છે. પાવાગઢ મહાકાળી માતાજીના મંદિરના શિખર ઉપર તો ૨૯૬૪ મીટર ધજા રોહણનો વિશ્વ રેકોર્ડ નોંધાયો છે.

# અમદાવાદમાં થર્ટી ફર્સ્ટ પર લોખંડી બંદોબસ્ત, ૯૦૦૦ પોલીસ જવાનો તૈનાત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

નવા વર્ષના સ્વાગત માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા અભેદ્ય સુરક્ષા કવચ તૈયાર કરવામાં આવ્યું છે. પોલીસ કમિશનર જી.એસ. મલિકના માર્ગદર્શન હેઠળ શહેરભરમાં ૯૦૦૦થી વધુ પોલીસ જવાનો બંદોબસ્તમાં જોડાશે. ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૬૩ પોઈન્ટ અને ૧૪ નવી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. ૩૧મી ડિસેમ્બરની રાત્રે શહેરમાં ડ્રગ્સ અને દારૂની હેરાફેરી રોકવા માટે પોલીસે ખાસ ડ્રાઈવ શરૂ કરી છે. ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસ પકડવા માટે ૪૪૩ બ્રેથ એનાલાઈઝર અને પૂરઝડપે વાહન ચલાવનારાઓ માટે ૨૯ સ્પીડ ગન કેમેરાનો ઉપયોગ કરવામાં આવશે. સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે ૨૫૬૦ બોડી વોર્ન કેમેરા અને હાઈટેક સર્વેલન્સ સિસ્ટમ કાર્યરત રહેશે. મહિલાઓની સુરક્ષા માટે ૭૧ જેટલી SHE ટીમો સાદા કપડાંમાં પેટ્રોલિંગ કરશે, જેથી છેડતી કરનારા તત્વોને તાત્કાલિક ઝડપી શકાય.